Volume : 11
Issue : 010
Dt.: 10-05-2025
SATURDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
# ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR | Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### પીએમ મોદી સાથે પણ ફોન પર વાત કરી

# રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થિતિની કરી સર્વગ્રાહી સમીક્ષા

## સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરી તેમજ મોબાઈલાઈઝેશન અને ચેતવણી માટેની વ્યવસ્થા ચકાસવાની સ્પષ્ટ સૂચના આપી હતી

(SSS) ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલા તંગદિલીના પ્રવર્તમાન વાતાવરણમાં સરહદી રાજ્ય તરીકે ગુજરાતની સતર્કતા અને સજ્જતાની સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રીએ ગુજરાતમાં પાકિસ્તાન સાથે દરિયાઈ, જમીની અને હવાઈ સીમાથી જોડાયેલા જિલ્લાઓને હાઈએલર્ટ પર મૂકવામાં આવેલા છે તે સંદર્ભમાં વહીવટી તંત્ર, પોલીસ અને અન્ય વરિષ્ઠ જિલ્લા અધિકારીઓ પાસેથી તેમના જિલ્લામાં હાથ ધરાઈ રહેલી સુરક્ષા-સલામતીની આગોતરી વ્યવસ્થાની વિગતો પણ વિડીયો કોન્ફરન્સ દ્વારા મેળવી હતી. મુખ્યમંત્રી શુક્રવારે સવારે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને મુખ્યસચિવ શ્રી પંકજ જોષીની ઉપસ્થિતિમાં સરહદી વિસ્તાર ના કચ્છ અને બનાસકાંઠા તથા પાટણ અને જામનગર જિલ્લાઓ સહિત રાજ્યની એકંદર સ્થિતિની ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી. તેમણે ખાસ કરીને પ્રવર્તમાન સ્થિતિમાં બધા જિલ્લાઓના કંટ્રોલરૂમ અને ઈમરજન્સી ઓપરેશન સેન્ટર સતત કાર્યરત રહે તે માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા. મુખ્યમંત્રીએ આપાત કાલીન સ્થિતિમાં સંપર્ક જળવાઈ રહે તે માટે હોટલાઈન, સેટેલાઈટ ફોન જેવા દૂરસંચાર અને સંપર્કના વૈકલ્પિક માધ્યમોની ચકાસણી કરી લેવાની પણ તાકીદ કરી હતી. મુખ્યમંત્રીએ હાલની તનાવપૂર્ણ સ્થિતિમાં સંબંધિત જિલ્લાઓના સરહદી ગામોના ઈવેક્યુએશન પ્લાન કાર્યરત કરવા સાથોસાથ નાગરિક સંરક્ષણની સજ્જતા, સુરક્ષિત સ્થાનો-સેઈફ હાઉસની ઓળખ તેમજ પાણી, ખોરાક અને અન્ય સંસાધનોની પર્યાપ્ત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા પણ બેઠકમાં સૂચનાઓ આપી હતી. નાગરિકોને આવશ્યક વસ્તુઓનો અને પેટ્રોલ-ડીઝલ જેવા ફ્યુઅલનો પુરવઠો મેળવવામાં કોઈ તકલીફ ન રહે તે માટે સંબંધિત જિલ્લા અને તંત્ર વાહકોને આ જથ્થા નો પૂરતો સંગ્રહ તકેદારીના ભાગરૂપે કરી લેવા પણ મુખ્યમંત્રીએ સૂચનો કર્યા હતા. મેન પાવર સાથે કોઈ પણ વિકટ સ્થિતિ ને પહોંચી વળવા સજ્જ રહે તેવા નિર્દેશો પણ મુખ્યમંત્રીએ આ સમીક્ષા બેઠકમાં આપ્યા હતા. તેમણે લોકોમાં ખોટો ભય કે દહેશત ન ફેલાય અને અફવાઓથી લોકો ગેરમાર્ગે ન દોરાય તે માટે લોકજાગૃતિ અભિયાન શરૂ કરવા પણ સૂચવ્યું હતું. લોકોને પણ સરકાર ના વિવિધ વિભાગોના અધિકૃત સોશીયલ મીડિયા પ્લેટફોર્મ પર આપવામાં આવતી સત્તાવાર માહિતી અને સમાચારો અને સૂચનાઓ પર ધ્યાન આપવાનો તેમણે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ કરીને સરહદી વિસ્તારો કે ગામોમાં કોઈપણ સંદિગ્ધ ગતિવિધિઓ, શંકાસ્પદ વસ્તુઓ કે વ્યક્તિઓ વિશે માહિતી મળે તો તુરંત જ તંત્ર એલર્ટ મોડ પર રહીને તત્કાલ કાર્યવાહી કરે તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ આર્મી, એરફોર્સ, નેવી, કોસ્ટ ગાર્ડ, બી.એસ.એફ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓની સતર્ક કામગીરીની સરાહના કરતાં તેમને જરૂરીયાત મુજબની મદદ રાજ્ય સરકાર દ્વારા ત્વરાએ મળશે તેવી ખાતરી પણ આપી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાય ઉપરાંત મહેસુલ, ઊર્જાના અધિક મુખ્ય સચિવઓ, શહેરી વિકાસ, ઉદ્યોગ, પાણી પુરવઠા, નાગરિક પુરવઠા, શહેરી વિકાસ, વાહન વ્યવહાર અને આપત્તિ વ્યવસ્થાપન સહિતના વિભાગોના અગ્ર સચિવઓ, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ અને કેન્દ્રીય એજન્સીઓ એરફોર્સ તેમજ લશ્કર અને બી એસ એફ અધિકારીઓ પણ જોડાયા હતા.



દેશમાં વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરહદી રાજ્ય હોવાથી સરહદી જિલ્લાની પરિસ્થિતિ પર સતત નજર રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાથી સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ઈમરજન્સી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

### પાકિસ્તાન સામે મોટી કાર્યવાહીના એંધાણ!

# કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની પેરામિલિટ્રીના વડા સાથે બેઠક

## આ બેઠકમાં NSA અજિત ડોભાલ પણ હાજર હતા

(SSS) નવી દિલ્હી

ભારત સાથેના તણાવ વચ્ચે, પાકિસ્તાન પોતાની રમત રમી રહ્યું છે. એક તરફ, તેની સેના નિયંત્રણ રેખા પર સ્થિત વિસ્તારોમાં બોમ્બમારો કરી રહી છે, તો બીજી તરફ આતંકવાદી જૂથો ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ સરહદ પર તૈનાત આપણા સૈનિકો તેમની દરેક કાર્યવાહીનો યોગ્ય જવાબ આપી રહ્યા છે. આ સંદર્ભમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે તેમના નિવાસસ્થાને BSF, CISF અને મ્ઝ્ઇછજી ના ડાયરેક્ટર જનરલ સાથે પાકિસ્તાન સાથેની સરહદ અને એરપોર્ટ પર સુરક્ષાની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન, ગુપ્તચર બ્યુરોના ડિરેક્ટર તપન ડેકા અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ પણ હાજર હતા. હકીકતમાં, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ શુક્રવારે કહ્યું હતું કે, તેણે જમ્મુમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા મસૂદ અઝહરના નેતૃત્વ હેઠળના સાત જૈશ આતંકવાદીઓને ઠાર માર્યા હતા અને પાકિસ્તાન રેન્જર્સની એક ચોકીનો પણ નાશ કર્યો હતો. ગુરુવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ સાંબા જિલ્લામાં સુરક્ષા દળો આતંકવાદીઓ સાથે સામસામે આવી ગયા, જ્યારે દેખરેખ રાખતા BSFના જવાનોએ આતંકવાદીઓના "મોટા જૂથ" ને જોયું હતું. BSFના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ઘૂસણખોરીના પ્રયાસને પાકિસ્તાન રેન્જર્સની ધાંધર પોસ્ટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જેના ગોળીબારની આડમાં આતંકવાદીઓ ઘૂસણખોરી કરવા માંગતા હતા. તેમણે કહ્યું કે, સૈનિકોએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો, ઓછામાં ઓછા સાત આતંકવાદીઓને મારી નાખ્યા અને ધંધાર ચોકીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહીમાં વધુ આતંકવાદીઓ માર્યા જવાની શક્યતા છે. BSF એ ઉપરોક્ત પોસ્ટ પર ગોળીબાર અને બંકરના 'વિનાશ'ની 'થર્મલ ઈમેજર ક્લિપ' પણ શેર કરી, જ્યાં રેન્જર્સની હેવી મશીનગન મૂકવામાં આવી હતી. આવી સ્થિતિમાં, અમિત શાહની અર્ધલશ્કરી દળના વડા સાથેની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારત-પાકિસ્તાન સરહદ પર સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા ઉપરાંત, શાહે દેશભરના એરપોર્ટ પર સુરક્ષા વધારવા માટે લેવામાં આવેલા પગલાંનો પણ અભ્યાસ કર્યો હતો. સરહદ સુરક્ષા દળ ભારત-પાકિસ્તાન સરહદનું રક્ષણ કરે છે અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) દેશના એરપોર્ટ, મેટ્રો નેટવર્ક અને અન્ય મહત્વપૂર્ણ સ્થાપનોની સુરક્ષા માટે જવાબદાર છે.

### BCCIની બેઠક બાદ આ મોટો નિર્ણય લેવામાં આવ્યો

# ભારત-પાકિસ્તાન વચ્ચે વધતા તણાવના કારણે IPL સ્થગિત

## પહેલી પ્રાથમિકતા વિદેશી ખેલાડીઓને ઘરે મોકલવાની છે : બીસીસીઆઈ ટૂંક સમયમાં જ નવી તારીખોની જાહેરાત કરશે

(SSS) નવી દિલ્હી

IPL 2025 અધવચ્ચે જ મુલતવી રાખવામાં આવી છે. ૯ મેના રોજ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની બેઠક બાદ આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આજથી IPL 2025ની બાકીની મેચો રમાશે નહીં. હવે BCCIની પહેલી પ્રાથમિકતા વિદેશી ખેલાડીઓને ઘરે મોકલવાની છે. બીસીસીઆઈ ટૂંક સમયમાં નવી તારીખોની જાહેરાત કરશે. બીસીસીઆઈના અધિકારી રાજીવ શુક્લાએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે હાલ આઈપીએલ ફક્ત અઠવાડિયા માટે અટકાવવામાં આવી છે અને પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની સ્થિતિ કેવી રહી છે તેને આધારે નવો નિર્ણય લેવામાં આવશે. IPL 2025માં ૮ મે સુધી ૫૮ મેચ રમાઈ હતી, જેમાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચનો સમાવેશ થાય છે. ૮ મેના રોજ ધર્મશાલામાં યોજાવાની આ મેચ ભારત-પાકિસ્તાન તણાવને કારણે અધવચ્ચે જ રદ કરવામાં આવી હતી. આ દરમિયાન, ધર્મશાલામાં હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમ ખાલી કરાવવામાં આવ્યું હતું. ખેલાડીઓને ધર્મશાળાથી દિલ્હી લાવવા માટે એક ખાસ ટ્રેન ચલાવવામાં આવી હતી. આઈપીએલની આ સીઝન આજથી જ સ્થગિત કરવામાં આવી છે. હવે વિશ્વની સૌથી રોમાંચક T20 લીગની બાકીની મેચો પરિસ્થિતિ સામાન્ય થયા પછી જ યોજાશે. તેની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. બીજો વિકલ્પ એ હોઈ શકે છે કે મેચ ખાલી સ્ટેડિયમમાં યોજવામાં આવે અને દર્શકોને સ્ટેડિયમમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવે. ૨૦૨૪ની આઈપીએલ બે ભાગમાં રમાઈ હતી કારણ કે તે જ સમયે લોકસભાની ચૂંટણીઓ પણ યોજાઈ રહી હતી. પહેલો ભાગ ૨૨ માર્ચથી ૭ એપ્રિલ સુધી ચાલ્યો હતો, જેમાં ૨૧ મેચ રમાઈ હતી. આ પછી, જ્યારે ચૂંટણીની તારીખો નક્કી કરવામાં આવી, ત્યારે બાકીની મેચો અને પ્લેઓફ શેડ્યૂલ કરવામાં આવ્યા અને રમાઈ. આ કારણે ટુર્નામેન્ટ સરળતાથી યોજાઈ શકી અને કોઈ સમસ્યા ના થઈ. આ વર્ષે ઈન્ડિયન પ્રીમિયર લીગ અને પાકિસ્તાન સુપર લીગનું આયોજન લગભગ એકસાથે કરવામાં આવ્યું છે. પીએસએલ ૨૦૨૫ ૧૧ એપ્રિલના રોજ શરૂ થઈ હતી. જ્યારે IPL 22 માર્ચે શરૂ થઈ હતી. પીએસએલ ડ્રાફ્ટ આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શન પછી યોજવામાં આવ્યો હતો, જેથી ફક્ત તે ખેલાડીઓનો જ સમાવેશ કરી શકાય જે આઈપીએલ ઓક્શનમાં અનસોલ્ડ રહ્યા હતા.

### ગેરકાયદે માઈનિંગ કેસમાં દોષિત ઠર્યા

# કર્ણાટક ભાજપના જી. જનાર્દન રેડ્ડીનું ધારાસભ્ય પદ છીનવાયું

(SSS) બેંગલુરુ

ગેરકાયદે માઈનિંગ કેસમાં દોષિત ઠેરવ્યા બાદ કર્ણાટકના ભાજપના ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીને ગેરલાયક ઠેરવાયા હતા. આ સાથે તેમનું ધારાસભ્ય પદ હાલ રદ થઈ ગયું છે.



અહેવાલો અનુસાર, હૈદરાબાદની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે મંગળવારે કર્ણાટકના પૂર્વ ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીને સાત વર્ષની જેલની સજા ફટકારી છે. ગેરકાયદે ખનન કેસમાં લગભગ ૧૪ વર્ષ સુધી ચાલેલી લાંબી સુનાવણી બાદ કોર્ટે જી. જનાર્દન રેડ્ડી અને અન્ય ત્રણ લોકોને દોષિત ઠેરવ્યા છે. કોર્ટે તમામ આરોપીઓને સાત વર્ષની જેલની સજા ફટકારી છે અને સાથે જ તેમને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. કોર્ટના ચુકાદા પછી તરત જ સીબીઆઈએ રેડ્ડી અને અન્ય આરોપીઓને કસ્ટડીમાં લીધા હતા. ત્યારબાદ તેમને અહીં ચંચલગુડા સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે, સીબીઆઈ કોર્ટે આ નિર્ણય તપાસ એજન્સી દ્વારા જી. જનાર્દન રેડ્ડી અને અન્ય લોકો વિરુદ્ધ દાખલ કરાયેલ ચાર્જશીટના આધારે આપ્યો છે. આમાં જી. જનાર્દન રેડ્ડી પર કર્ણાટક-આંધ્રપ્રદેશ સરહદ પર બેલ્લારી રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં ખાણકામ લીઝની સીમા સાથે ચેડાં કરવાનો અને ગેરકાયદે ખનન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

### ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે IOCLનું નિવેદન

# તેલ અને ગેસ માટે લાઈન ન લગાવો, દેશમાં પૂરતો સ્ટોક છે

## કંપનીએ કહ્યું છે કે ગભરાવાની કોઈ જરૂર નથ : દરેક આઉટલેટ પર LPG અને તેલનો પૂરતો પુરવઠો છે

(SSS) નવી દિલ્હી

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. ગુરુવાર અને શુક્રવારે રાત્રે, પાકિસ્તાને ભારતના વસ્તીવાળા વિસ્તારો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા. ભારત આનો કડક જવાબ આપી રહ્યું છે. દરમિયાન, પેટ્રોલ પંપની બહાર લાંબી કતારો વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ્સ દેખાઈ રહી છે. આ અંગે IOCL (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ) દ્વારા એક નિવેદન આપવામાં આવ્યું છે. કંપનીએ કહ્યું છે કે ગભરાવાની કોઈ જરૂર નથી. દરેક આઉટલેટ પર LPG અને તેલનો પૂરતો પુરવઠો છે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે X પર પોસ્ટ કર્યું, ''ઈન્ડિયન ઓઈલ પાસે દેશભરમાં તેલ અને ગેસનો પૂરતો સ્ટોક છે. અમારી સપ્લાય લાઈન સારી રીતે ચાલી રહી છે. ખરીદી કરવા માટે ગભરાવાની જરૂર નથી. તેલ અને ગેસ અમારા બધા આઉટલેટ્સ પર સરળતાથી ઉપલબ્ધ છે.'' કંપનીએ લોકોને પંપ પર ભીડ ન કરવાની સલાહ આપી છે. જેથી લોકોને તેલ અને ગેસ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ વચ્ચે, ઘણા વીડિયો અને પોસ્ટ્સ સામે આવ્યા છે જેમાં ઈંધણ સ્ટેશનો પર લાંબી કતારો જોવા મળી રહી છે. ગુરુવાર અને શુક્રવાર રાત્રે પાકિસ્તાને ભારત પર અનેક ડ્રોન હુમલા કર્યા. જેનો ભારતીય દળોએ જોરદાર જવાબ આપ્યો છે. પહેલગામ હુમલા પછી, ભારતે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું. જેમાં ભારતે પરમાણુ સ્થળોને નિશાન બનાવ્યા હતા. આ હવાઈ હુમલામાં પાકિસ્તાનની અંદર હાજર ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા. ઉલ્લેખનીય છે કે, ગયા મહિને આતંકવાદીઓએ પહેલગામમાં ભારતીય નાગરિકોને નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં ૨૬ સૈનિકોએ જીવ ગુમાવ્યા હતા.

### હોસ્પિટલમાં તબીબો સજ્જ, રેલ સેવાને અસર

# યુદ્ધ સ્થિતિને પગલે રાજસ્થાનના જેસલમેરમાં સંપૂર્ણ બ્લેકઆઉટ

## સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ તમામ હોસ્પિટલો પણ એલર્ટ મોડ પર છે

(SSS) ચંદીગઢ

ભારત પાકિસ્તાનના હુમલાનો જડબાતોડ જવાબ આપી રહ્યું છે. પાકિસ્તાને ભારતના વિવિધ સ્થાનો પર ૭૦ હુમલાઓ કર્યા હતા. શુક્રવારે સવારે જેસલમેરના એક રહેણાંક વિસ્તારમાં એક જીવતો બોમ્બ મળી આવ્યો હતો. ઘટનાસ્થળે પહોંચેલા સેનાના જવાનોએ કેટલાક વિસ્તારોને સીલ કરી દીધા હતા. સરહદી જિલ્લાઓમાં એરપોર્ટ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ તમામ હોસ્પિટલો પણ એલર્ટ મોડ પર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને લઈને રાજસ્થાનમાં સંવેદનશીલ વિસ્તારોને એલર્ટ કરાયા છે. દરમિયાન જેસલમેરમાં આજ સાંજથી સંપૂર્ણ અંધારપટ લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. રાજસ્થાન પ્રશાસન દ્વારા બિકાનેર, જેસલમેર અને શ્રીગંગાનગરમાં નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્રે જેસલમેરમાં સંપૂર્ણ બ્લેકઆઉટ લાગુ કર્યો. બધા ઘરો અને સંસ્થાઓની બધી લાઈટ બંધ રાખવી ફરજિયાત રહેશે. આજે સાંજે ૫ વાગ્યા પછી બજારો સંપૂર્ણપણે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન, કોઈપણ વાહનની અવરજવર પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે. આખી રાત ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો પર પ્રતિબંધ રહેશે. સંરક્ષણ ક્ષેત્રના ૫ કિમી ત્રિજ્યામાં સંપૂર્ણ નો એન્ટ્રી છે. જો આ વિસ્તારમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ જોવા મળશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજયની હોસ્પિટલમાં મેડિકલ વિભાગ દ્વારા ૮૪ ડોક્ટરોને રાત્રે સરહદી હોસ્પિટલોમાં ફરજ બજાવવાના આદેશ આપવામાં આવ્યા છે. યુદ્ધની પરિસ્થિતિના આધારે ડોકટરોની સંખ્યા વધારી શકાય છે. રાત્રિ દરમિયાન, પાકિસ્તાને સરહદી વિસ્તારોમાં મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા. જેના વિસ્ફોટોનો અવાજ આખી રાત ગુંજતો રહ્યો. 'બ્લેકઆઉટ'ને કારણે રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાં અનેક રેલ સેવાઓ પર અસર થશે.

### પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર અનેક વાર સીઝફાયરનું ઉલ્લંઘન પણ કર્યુ

# પશ્ચિમ સરહદે રાતભર પાકિસ્તાની સૈન્યએ કર્યા હુમલાના નિષ્ફળ પ્રયાસ

(SSS) નવી દિલ્હી

પશ્ચિમ સરહદે આખી રાત પાકિસ્તાની સૈન્યએ અનેક હુમલા કર્યા, ભારતે આપ્યો જડબાતોડ જવાબ આપ્યો હતો. જોકે, ભારતીય સુરક્ષા દળોએ પાકિસ્તાનના પ્રયાસ નિષ્ફળ બનાવ્યા હતા. ભારતીય સેનાએ સરહદી વિસ્તારમાં આવતા અનેક ડ્રોન તોડી પાડ્યા હતા. આ ડ્રોન હુમલો સરહદના સંવેદનશીલ વિસ્તારોને નિશાન બનાવતા કરાયા હતા. ભારતીય સેનાએ આ વિશે વીડિયો શેર કરી માહિતી આપતા લખ્યું કે, 'પાકિસ્તાની સશસ્ત્ર દળોએ 8 અને 9 મે 2025ની મધ્ય રાત્રે સમગ્ર પશ્ચિમી સરહદે ડ્રોન અને અન્ય હથિયારોના ઉપયોગથી હુમલા કર્યા. પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર અનેક વાર સીઝફાયર (સંઘર્ષ વિરામ)નું ઉલ્લંઘન પણ કર્યુ. જોકે તેના ડ્રોન હુમલાઓને અસરકારક રીતે નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા અને CFVsને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો છે. ભારતીય સેના રાષ્ટ્રની સંપ્રભૂતા અને ક્ષેત્રીય અખંડિતાની રક્ષા માટે પ્રતિબદ્ધ છે અને તમામ નાપાક ષડયંત્રોનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.'પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે, ત્યારે પાકિસ્તાને ગુરુવારે જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં સેના સ્ટેશનો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તમામ પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોનને આકાશ પર જ તોડી પાડવામાં આવ્યા હતા. જો કે આ હુમલામાં કોઈ પણ પ્રકારે ભારતને નુકસાન ન થયું હોવાનું સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું. ભારત પોતાની સાર્વભૌમત્વની રક્ષા કરવા અને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે તેવું જણાવવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ

### પાકિસ્તાને ફરી રડતા રડતા આખી દુનિયા પાસે માંગી લોન

ભારત પાકિસ્તાનની દરેક કાર્યવાહીનો યોગ્ય જવાબ આપી રહ્યું છે. આ દરમિયાન, પાકિસ્તાનની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. તાજેતરમાં પાકિસ્તાન સરકારે આખી દુનિયા સમક્ષ ભીખ માંગી છે. પાકિસ્તાન સરકારના આર્થિક બાબતોના વિભાગ અનુસાર, ભારતીય હુમલામાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. આવી સ્થિતિમાં, હવે પાકિસ્તાન સરકારે વિશ્વભરના તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો પાસેથી વધુ લોનની માંગણી કરી છે. પાકિસ્તાન સરકારના આર્થિક બાબતો વિભાગની એક પોસ્ટ સામે આવી છે. ‘‘દુશ્મન દ્વારા ભારે નુકસાન થયા બાદ પાકિસ્તાન સરકાર આંતરરાષ્ટ્રીય ભાગીદારોને વધુ લોન માટે અપીલ કરે છે. યુદ્ધમાં વધારો અને સ્ટોકમાં ઘટાડો વચ્ચે, અમે આંતરરાષ્ટ્રીય ભાગીદારોને તણાવ ઓછો કરવામાં મદદ કરવા વિનંતી કરીએ છીએ. રાષ્ટ્રને મક્કમ રહેવા વિનંતી કરવામાં આવે છે,’’ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ વાંચવામાં આવી. પાકિસ્તાને આ પોસ્ટમાં વિશ્વ બેંકને પણ ટેગ કર્યું છે. તે જ સમયે, ભારત-પાકિસ્તાન તણાવ પર ચીન તરફથી એક મોટું નિવેદન સામે આવ્યું છે. ‘‘અમે ગઈકાલે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી પરિસ્થિતિ પર ચીનનું વલણ શેર કર્યું હતું. ચીન વર્તમાન વિકાસ અંગે ચિંતિત છે. ભારત અને પાકિસ્તાન હંમેશા એકબીજાના પડોશી છે અને રહેશે. તેઓ બંને ચીનના પડોશી પણ છે,’’ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને ગઈકાલે જણાવ્યું હતું. ‘‘ચીન તમામ પ્રકારના આતંકવાદનો વિરોધ કરે છે. અમે બંને પક્ષોને શાંતિ અને સ્થિરતાના વ્યાપક હિતમાં કાર્ય કરવા, યુએન ચાર્ટર સહિત આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા, શાંતિ જાળવવા, સંયમ રાખવા અને પરિસ્થિતિને વધુ જટિલ બનાવી શકે તેવા પગલાં લેવાથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ. અમે વર્તમાન તણાવને ઓછો કરવામાં રચનાત્મક ભૂમિકા ભજવવા માટે બાકીના આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે કામ કરવા તૈયાર છીએ,’’ જિયાને કહ્યું. પાકિસ્તાન દ્વારા રાત્રે ભારતના ઘણા શહેરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

### અમેરિકાના કાર્ડિનલ ખ્રિસ્તીઓના સૌથી મોટા ધર્મગુરુ

# રોબર્ટ ફ્રાન્સિસ પ્રીવોસ્ટ બન્યા અમેરિકાના નવા પોપ

### બે દિવસ ચાલેલી વિચારણા બાદ પ્રીવોસ્ટને પોપ તરીકે પસંદ કરાયા : હવે તેઓ પોપ લિઓ XIV તરીકે ઓળખાશે

**(SSS)** વોશિંગ્ટન

અમેરિકાના ધર્મગુરૂ રોબર્ટ ફ્રાન્સિસ પ્રીવોસ્ટની ખ્રિસ્તી ધર્મગુરૂ (નવા પોપ) પદે નિમણૂક થઈ છે. અમેરિકામાંથી પોપ બનનારા તેઓ પ્રથમ કાર્ડિનલ છે. બે દિવસ ચાલેલી ઊંડી ચર્ચા-વિચારણા બાદ પ્રીવોસ્ટને પોપ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. હવે તેઓ પોપ લિઓ XIV તરીકે ઓળખાશે. ગઈકાલે ગુરૂવારે ૮ મે, ૨૦૨૫ના રોજ સાંજે પોપ લિઓ સેન્ટ પીટર્સ બેસિલિકાની સેન્ટ્રલ બાલકનીમાં આવ્યા. જ્યાં સિસ્ટન ચેપલની ચીમનીમાંથી સફેદ ધુમાડો નીકળ્યો. આશરે ૭૦ મિનિટ બાદ નવા પોપનો સ્પષ્ટ ચહેરો દેખાયો. ૧૩૩ કાર્ડિનલ પસંદગીકારોએ કેથેલિક ચર્ચ માટે પ્રથમ વખત કોઈ અમેરિકન રોબર્ટ પ્રીવોસ્ટની પસંદગી કરી છે. ફ્રાન્સના કાર્ડિલન ડોમિનિક મામ્બર્ટીએ સેન્ટ પીટર્સ સ્કવેરમાં એકઠાં થયેલા લોકોની વચ્ચે જઈ ઘોષણા કરી હતી કે, અમારી પાસે એક



નવા પોપ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, કાર્ડિનલ રોબર્ટ પ્રીવોસ્ટની પોપ લિઓ ઠેંફ તરીકે પસંદગી થવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. તેમના નેતૃત્વમાં શાંતિ, કરૂણા અને માનવતાની સેવાને પ્રોત્સાહન મળશે. આ ઐતિહાસિક અવસર પર કેથલિક સમુદાયને મારી શુભેચ્છાઓ. વેટિકનમાં કેથલિક ચર્ચને નવા પોપ મળતાં જ ત્યાં ઉમટી પડેલી હજારોની ભીડે તેમનું સ્વાગત કર્યું હતું. શિકાગોમાં જન્મેલા ૬૯ વર્ષીય પ્રીવોસ્ટ ઓગસ્ટિનિયન ઓર્ડરના સભ્ય હતા. તેમણે મોટાપાયે સેવાઓ કરી હતી. ૨૦૨૩માં બિશપના ડિકાસ્ટરીના પ્રિફેક્ટ અને લેટિન અમેરિકામાં પોંટિફિકલ કમિશનના અધ્યક્ષ હતાં. પોપ ફ્રાન્સિસ લિઓ ઠેંફ તરીકે ઓળખાશે. મીડિયા રિપોર્ટ અનુસાર, ઈટલી ભાષામાં જયકાર કરી રહેલી ભીડને સંબોધિત કરતાં નવા પોપે કહ્યું કે, આપ સૌ માટે શાંતિની અપેક્ષા. ભાઈઓ-બહેનો, આ પુનરૂત્થાન પામેલા ખ્રિસ્તનું પ્રથમ અભિવાદન છે. હું તમારા પરિવાર, તમારા માટે શાંતિની અપીલ કરુ છું. તમને શાંતિ મળે તેવી શુભકામનાઓ... ખ્રિસ્તી ધર્મગુરુ પોપ ફ્રાન્સિસનું ૮૮ વર્ષની વયે ૨૧ એપ્રિલના રોજ નિધન થયું હતું.તેમને ફેફસાંની બીમારીને કારણે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોપ ફ્રાન્સિસ ન્યુમોનિયાથી પીડિત હતા.

### પાકિસ્તાનનું કાયરતાભર્યું કૃત્ય

# ૪૦૦ ડ્રોનના હુમલા સામે પેસેન્જર્સ પ્લેનને ઢાલ બનાવ્યા : ભારતીય વિદેશ મંત્રાલય

### પાકિસ્તાને પણ ભારતના અનેક શહેરો પર મિસાઈલથી હુમલો કરવાના પ્રયાસ કર્યા પરંતુ ભારતીય સેનાએ તમામ પ્રયાસ નિષ્ફળ

**(SSS)** નવી દિલ્હી

પહલગામ પર આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અન PoK સ્થિત આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલ તથા ડ્રોનથી સ્ટ્રાઈક કરી હતી. ત્યાર બાદ પાકિસ્તાને પણ ભારતના અનેક શહેરો પર મિસાઈલથી હુમલો કરવાના પ્રયાસ કર્યા પરંતુ ભારતીય સેનાએ તમામ પ્રયાસ નિષ્ફળ બનાવ્યા. આ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી ગયો છે. એવામાં વિદેશ મંત્રાલયે પત્રકાર પરિષદ કરીને વિવિધ જાણકારી આપી છે.

જનરલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું, કે મધ્ય રાત્રિએ પાકિસ્તાની સેનાએ ભારતીય એરસ્પેસનો ઉલ્લંઘન કર્યો અને નિયંત્રણ રેખા પર ગોળીબાર કર્યો. પાકિસ્તાને ૩૬ સ્થાનો પર ૩૦૦થી ૪૦૦ ડ્રોનથી હુમલાનો પ્રયાસ કર્યો. ભારતીય સેનાએ મોટા ભાગના ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા. ડ્રોનના કાટમાળની તપાસ કરવામાં આવી રહી છે, જોકે પ્રાથમિક જાણકારી અનુસાર આ ડ્રોન તુર્કીયેના છે. રાત્રિમાં જ પાકિસ્તાને UAVથી ભટિન્ડા સૈન્ય બેઝ પર હુમલાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો. તેના જવાબમાં ભારતે પાકિસ્તાનના ચાર એરબેઝ પર ડ્રોન છોડ્યા જેમાંથી એક ડ્રોન રડારને તોડવામાં સફળ રહ્યું.

પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સરહદ તથા LoC (નિયંત્રણ રેખા) પર ભારે ગોળીબાર પણ કર્યો જેનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો. પાકિસ્તાનના ગોળીબારમાં ભારતના અમુક જવાન ઈજાગ્રસ્ત થયા છે. ભારતીય સેનાએ જણાવ્યું છે કે પાકિસ્તાન તેના નાગરિક વિમાનોને ઢાલ બનાવીને ઉપયોગ કરી રહ્યું છે. સરહદ નજીક ભારતના એરસ્પેસમાં કોઈ નાગરિક વિમાને ઉડાન નથી ભરી, પરંતુ પાકિસ્તાનના એરસ્પેસમાં નાગરિક વિમાનો ઉડાન ભરી રહ્યા હતા.

ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું, કે પાકિસ્તાન દ્વારા પૂંછમાં ગુરુદ્વારા પર હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન દુનિયાને ભરમાવવા માટે ખોટી માહિતી ફેલાવી રહ્યું છે કે ભારતે નનકાના સાહિબ ગુરુદ્વારા પર ડ્રોનથી હુમલો કર્યો છે. વર્તમાન પરિસ્થિતિને જોતાં કરતારપુર સાહિબ કોરિડોર આગામી આદેશ સુધી બંધ કરવામાં આવ્યું છે.

### સાંબામાં જવાનોની મોટી કાર્યવાહી

# ઘુસણખોરીનો પ્રયત્ન કરતા સાત આતંકીને ઠાર મરાયા

### જમ્મુ ફ્રન્ટિયર બીએસએફના સાંબા સેક્ટરમાં એક મોટા આતંકવાદી જૂથ દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો

**(SSS)** જમ્મુ,

ભારત અને પાકિસ્તાન વચ્ચે આ દિવસોમાં ઘણો તણાવ છે. ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન ગભરાટની સ્થિતિમાં છે. એટલા માટે તે અસફળ હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ૮ અને ૯ મે ૨૦૨૫ની રાત્રે, જમ્મુ ફ્રન્ટિયર બીએસએફના સાંબા સેક્ટરમાં એક મોટા આતંકવાદી જૂથ દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો હતો. પાકિસ્તાનથી ભારતમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા સાત આતંકવાદીઓને BSF એ ઠાર માર્યા છે. શરૂઆતની માહિતીમાં જાણવા મળ્યું છે કે માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ જૈશ તરીકે થઈ છે. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે સરહદ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આતંકવાદીઓએ મધ્યરાત્રિએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો હતો. સેનાએ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ જાહેર કર્યો છે, જેમાં આતંકવાદીઓની ઘૂસણખોરી અને ગોળીબાર દેખાઈ રહ્યો છે. સેનાની આ જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની ઢાંઢર ચોકીને ભારે નુકસાન થયું છે. જો અધિકારીઓનું માનીએ તો, આ ઘૂસણખોરીના પ્રયાસમાં પાકિસ્તાનની BAT એટલે કે બોર્ડર એક્શન ટીમ સામેલ હોઈ શકે છે. સૈન્ય ટુકડી રાત્રે સરહદ પર પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન તેની નજર આતંકવાદીઓ પર પડી. રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે, આતંકવાદીઓએ આંતરરાષ્ટ્રીય સરહદેથી ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો. સૈનિકો દ્વારા રોકવામાં આવ્યા બાદ, તેણે ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ સૈનિકોએ ગોળીબાર શરૂ કરી દીધો. ઘૂસણખોરીની દ્રષ્ટિએ સામ્બા પહેલેથી જ ખૂબ જ સંવેદનશીલ વિસ્તાર છે. આ જ કારણ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને અહીં તકેદારી વધારી દેવામાં આવી છે. જ્યારથી ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું છે. ત્યારથી પાકિસ્તાન ગભરાટની સ્થિતિમાં છે. ભારત આતંકવાદીઓના ઠેકાણાઓ અને આતંકવાદીઓ સામે સતત કાર્યવાહી કરી રહ્યું છે. આનાથી હતાશ થઈને, પાકિસ્તાને જમ્મુ એરપોર્ટ પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો. આ ઓપરેશનમાં ૫૦ થી વધુ પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. આ જ કારણ છે કે પાકિસ્તાન બદલો લેવા માટે સતત નિષ્ફળ પ્રયાસો કરી રહ્યું છે.

### ટ્રમ્પ સરકારે આપી મોટી ઓફર

# વેપાર મુદ્દે અમેરિકા સાથે ડીલની તૈયારીમાં ભારત

**(SSS)** નવી દિલ્હી

ભારતે અમેરિકા સાથે પોતાનો ટેરિફ તફાવત ઘટાડી ૪ ટકા સુધી કરવાની ઓફર મૂકી છે. હાલ ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ તફાવત આશરે ૧૩ ટકા છે. સુત્રોના અહેવાલો અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચે ટૂંકસમયમાં જ આ મામલે ડીલ થઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ બાદ ભારત સતત દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં સુધારો કરવા અમેરિકા સાથે ચર્ચા કરી રહ્યું છે. ભારત ૯૦ ટકા અમેરિકી ગુડ્સને પ્રેફરેન્શિયલ એક્સેસ આપવા તૈયાર છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, ભારતના વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચા કરવા આ મહિને વોશિંગ્ટન જશે. ગત મહિને વાણિજ્ય વિભાગના વિશેષ સચિવ અને મુખ્ય મધ્યસ્થી રાજેશ અગ્રવાલ અને દક્ષિણ-પશ્ચિમ એશિયા માટે સહાયક અમેરિકી વેપાર પ્રતિનિધિ બ્રેન્ડન લિંચે દ્વિપક્ષીય વેપાર કરાર મામલે ત્રણ દિવસીય બેઠક કરી હતી. પ્રસ્તાવિત કરારમાં મેરિકાની સાથે સાથે ભારત કપડાં, રત્ન-આભૂષણ, ચામડાનો સામાન, પરિધાન,પ્લાસ્ટિક, કેમિકલ, તલ, દ્રાક્ષ, કેળા જેવી ચીજોમાં ટેરિફ રાહત માગી રહ્યું છે. બીજી બાજુ અમેરિકા અમુક ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સ, વાહનો, દારૂ, પેટ્રોકેમિકલ, ડેરી જેવી પ્રોડક્ટ્સમાં ટેરિફ છૂટ ઈચ્છે છે. અમેરિકાએ બે એપ્રિલના રોજ અમેરિકામાં આયાત થતી ભારતીય પ્રોડક્ટ્સ પર ૨૬ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. બાદમાં ટ્રમ્પ સરકારે નવ એપ્રિલના રોજ ભારતને આ ટેરિફ ચૂકવણીમાં ૯૦ દિવસની રાહત આપી હતી. આ રાહત બંને દેશો વેપાર કરાર સંદર્ભે વાતચીતની સહમતિના ભાગરૂપે હતી. જો કે, ભારત પર ૧૦ ટકા એડિશનલ બેઝિક ચાર્જ તો લાગુ જ છે. અમેરિકા ભારતનો સૌથી મોટો ટ્રેડિંગ પાર્ટનર છે. ૨૦૨૪માં બંને દેશો વચ્ચે ૧૨૯ અબજ ડોલરનો દ્વિપક્ષીય વેપાર રહ્યો હતો. અમેરિકા સાથે ૪૫.૭ અબજ ડોલરની સરપ્લસ પણ ધરાવતો હોવાથી ટ્રેડ બેલેન્સ ભારતના પક્ષમાં છે.

### MEAનો મોટો ખુલાસો

# હથિયાર વગરના ડ્રોન મોકલવા પાછળ પાકિસ્તાનનું હતુ મોટું ષડયંત્ર

### પાકિસ્તાને સંભવતઃ તુર્કી ડ્રોનનો ઉપયોગ કર્યો હતો

**(SSS)** નવી દિલ્હી

વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું કે, પાકિસ્તાન કાલે રાતે ૮ મેના રોજ ભારતના સુરક્ષા ઠેકાણાની જાણકારી માટે મિસાઈલ અને ડ્રોન છોડ્યા હતા. આ હુમલામાં પાકિસ્તાને સંભવતઃ તુર્કી ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. શુક્રવાર પ્રેસ કોન્ફરન્સમાં વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ૮ મેના રોજ ભારતીય શહેરો પર થયેલા હુમલામાં પાકિસ્તાન સેનાએ સંભવતઃ તુર્કી નિર્મિત ડ્રોનનો ઉપયોગ કર્યો. ડ્રોનના ભંગારની પ્રાથમિક તપાસથી માલુમ પડે છે કે, ડ્રોન તુર્કીના 'Assisguard Songar' મોડલના હતા, જેને સામાન્ય રીતે જાણકારી ભેગી કરવા અને હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાય છે. વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે જણાવ્યું કે, ૮ અને ૯ મે દરમિયાન રાતે પાકિસ્તાનની સેનાએ સંપૂર્ણ પશ્ચિમ સરહદી વિસ્તારમાં ભારતીય હવાઈ વિસ્તારમાં ઘણીવાર ઉલ્લંઘન કર્યું, જેનો હેતુ સૈન્ય માળખાને નુકસાન પહોંચાડવાનો હતો. તેણે એ પણ કહ્યું કે, પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા (LoC) પર ભારે કેલિબર હથિયારોથી ફાયરિંગ પણ કર્યું.

તેની સાથે જ સીમા પર મોટી સંખ્યામાં ડ્રોન ઘૂષણખોરીનો પ્રયત્ન કરવામાં આવ્યો તેણે આંતરરાષ્ટ્રીય સીમા પર નિયંત્રણ રેખા પર લેહથી લઈને સિર ક્રીક સુધી ૩૬ સ્થળે આશરે ૩૦૦ થી ૪૦૦ ડ્રોન સાથે ઘૂષણખોરી કરવાનો પ્રયત્ન કર્યો. આ હુમલાનો હેતુ ભારતીય એર ડિફેન્સ સિસ્ટમની ક્ષમતાની તપાસ કરવી અને ગુપ્ત જાણકારી ભેગી કરવાનો હતો. પાકિસ્તાન તરફથી ડ્રોન મોકલવાનો હેતુ લોકોમાં ભય ફેલવવાનો હોઈ શકે છે. સાથે જ ભારતીય સૈન્ય ઠેકાણાઓ વિશે જાણકારી ભેગી કરવાનો હોઈ શકે છે. તેમાંથી મોટા ભાગના ડ્રોન હથિયારોથી સજ્જ હતા.

તેઓએ જણાવ્યું કે, સ્થિતિ એ સમયે વધુ ગંભીર થઈ ગઈ જ્યારે પાકિસ્તાનનું એક સશસ્ત્ર UAV (ડ્રોન) બઠિંડાના સૈન્ય સ્ટેશનને ટાર્ગેટ કરવાનો પ્રયત્ન કરી રહ્યું હતુ, પરંતુ તેણે સમય રહેતા નષ્ટ કરી દેવામાં આવ્યું. ભારતે આ હુમલાનો આકરો જવાબ આપ્યો. વિદેશ મંત્રાલયે જણાવ્યું, પાકિસ્તાની હુમલાના જવાબમાં ભારત તરફથી ચાર પાકિસ્તાની એર ડિફેન્સ સાઈટ્સ પર સશસ્ત્ર ડ્રોન મોકલવામાં આવ્યા. જેમાંથી એક ડ્રોને એર ડિફેન્સ રડારને નષ્ટ કરી દીધું.

### ભારતના આક્રમણ વચ્ચે પાકિસ્તાનની ગંભીર સ્થિતિ

# પાકિસ્તાની સેના યુદ્ધ માટે જરૂરી દારુગોળાની તીવ્ર અછતનો સામનો કરી રહી છે

### પાકિસ્તાને તાજેતરમાં યુક્રેન અને ઈઝરાયલને મોટી માત્રામાં દારૂગોળો મોકલ્યો છે, જેના કારણે તેના લશ્કરી પુરવઠાની તીવ્ર અછત સર્જાઈ છે

**(SSS)** નવીદિલ્હી

પાકિસ્તાન હાલ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. વર્તમાન લશ્કરી પરિસ્થિતિ ગંભીર કટોકટીનો સામનો કરી રહી છે, ખાસ કરીને દારૂગોળાની અછત અને આર્થિક સંકટને કારણે. જો ભારત સાથે સંઘર્ષ થશે, તો પાકિસ્તાનની સેના પાસે ફક્ત ચાર દિવસ સુધી અસરકારક રીતે લડવા માટે દારૂગોળો છે. આ ચોંકાવનારો ખુલાસો એક ગુપ્તચર અહેવાલમાં થયો છે, જેણે પાકિસ્તાનની સૈન્ય તૈયારીઓ પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવાની પ્રતિજ્ઞા લીધી છે. તે જ સમયે, પાકિસ્તાનના આર્મી ચીફ આસીમ મુનીર અને વડા પ્રધાન શાહબાઝ શરીફ ભારત વિરુદ્ધ આક્રમક નિવેદનો આપી રહ્યા છે. દરમિયાન, એક અહેવાલમાં ખુલાસો થયો છે કે પાકિસ્તાની સેના યુદ્ધ માટે જરૂરી દારૂગોળાની તીવ્ર અછતનો સામનો કરી રહી છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાની સેના પાસે હવે ફક્ત ચાર દિવસના ઉચ્ચ-તીવ્રતાવાળા યુદ્ધ માટે જ દારૂગોળો છે. પાકિસ્તાનના તોપખાનાના દારૂગોળાના ભંડાર એટલા બધા ખતમ થઈ ગયા છે કે તે લાંબા સમય સુધી યુદ્ધ ટકી શકે તેમ નથી. રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાને તાજેતરમાં યુક્રેન અને ઈઝરાયલને મોટી માત્રામાં દારૂગોળો મોકલ્યો છે, જેના કારણે તેના લશ્કરી પુરવઠાની તીવ્ર અછત સર્જાઈ છે. ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૩ ની વચ્ચે, પાકિસ્તાને યુક્રેનને ૪૨,૦૦૦ ૧૨૨ mm BM-૨૧ રોકેટ અને ૬૦,૦૦૦ ૧૫૫ mm હોવિત્ઝર શેલ મોકલ્યા, જેનાથી તેના સ્થાનિક દારૂગોળાના ભંડાર પર ભારે દબાણ આવ્યું. પાકિસ્તાનનું લશ્કરી નેતૃત્વ આ પરિસ્થિતિથી વાકેફ છે, અને આ કટોકટી પાકિસ્તાનના લશ્કરી કામગીરી અને યુદ્ધ તૈયારીઓ પર ગંભીર અસર કરી રહી છે. પાકિસ્તાનની આર્થિક સ્થિતિ પણ ખરાબ થઈ ગઈ છે. પાકિસ્તાન માટે ઊંચી ફુગાવો, વધતું દેવું અને ઘટતું વિદેશી હૂંડિયામણ ભંડાર જેવી સમસ્યાઓ ગંભીર પડકારો બની ગઈ છે. આ આર્થિક કટોકટીના કારણે લશ્કરી કવાયતો સ્થગિત કરવા અને રાશનમાં કાપ મૂકવા જેવા પગલાં લેવાની ફરજ પડી છે. ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાએ પણ અગાઉ ચેતવણી આપી હતી કે પાકિસ્તાન પાસે ભારત સાથે લાંબુ યુદ્ધ લડવા માટે ન તો દારૂગોળાની ક્ષમતા છે અને ન તો આર્થિક સંસાધનો. પાકિસ્તાન પાસે હવે ફક્ત બે જ વિકલ્પો છે.

### ભારત-પાકિસ્તાન સંઘર્ષ વચ્ચે ચીનનું નિવેદન

# શાંતિ અને સ્થિરતા જાળવવા ધૈર્ય રાખવા ચીનની અપીલ

**(SSS)** બેજીંગ

ભારત-પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ પર ચીને મોટુ નિવેદન આપ્યું છે. પાકિસ્તાનને સમર્થન આપી રહેલા ચીને હવે આતંકવાદનો વિરોધ કર્યો છે. તેમજ બંને દેશોને તણાવ ઘટાડવા માટે અપીલ કરી છે. ચીને બંને દેશોની વર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતા પણ વ્યકત કરી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને ભારત-પાકિસ્તાન તણાવ પર કહ્યું કે, અમે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ મુદ્દે ચિંતિંત છીએ. ચીન દરેક રીતે આતંકવાદનો વિરોધ કરી રહ્યું છે. અમે બંને પક્ષોને શાંતિ, સ્થિરતાના હિતમાં કામ કરવા, સંયમ રાખવા તેમજ આ પ્રકારના કાર્યવાહીઓથી બચવા અપીલ કરી છે. બંને દેશોને યુએન ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પણ ધ્યાન રાખવા અપીલ કરી છે. ચીને બંને દેશો વચ્ચેની તંગદિલીનો ઉકેલ લાવવા મદદ કરવાની ઓફર મૂકી છે. જિન લિયાને જણાવ્યું કે, ભારત અને પાકિસ્તાન એક-બીજાના પડોશી દેશ છે અને હંમેશા રહેશે. ચીન પણ બંનેનો પડોશી દેશ છે. અમે વર્તમાન તંગદિલી ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવા તૈયાર છીએ. આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે મળી અમે મધ્યસ્થી તરીકે કામ કરવા તૈયાર છીએ.

ઓપરેશન સિંદૂર વિશે ચીનના સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે પણ ખોટી માહિતી ફેલાવી હતી. ગ્લોબલ ટાઈમ્સે સમાચાર પ્રકાશિત કર્યા હતાં કે, ભારતે પાકિસ્તાન અને POKમાં આતંકવાદીઓના નવ ઠેકાણે એર સ્ટ્રાઈક કરી હતી, જેમાં પાકિસ્તાને જવાબી કાર્યવાહી કરીને ભારતના ત્રણ એરક્રાફ્ટ તોડી પાડ્યા હતા. જો કે, ભારત સરકારે આ દાવાને ખોટો ગણાવીને કહ્યું કે, ભ્રામક માહિતી ફેલાવો નહીં અને તમારા સ્રોત ચકાસો. આ અહેવાલ સાથે ગ્લોબલ ટાઈમ્સે ભારતના એરક્રાફ્ટ ક્રેશની જૂની તસવીરો પ્રકાશિત કરીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા.

### પાકિસ્તાની સેના દ્વારા તખ્તાપલટની અટકળો વચ્ચે

# પાક.ની સુપ્રીમ કોર્ટે જનરલ મુનીરને આપ્યા વિશેષાધિકાર

### એક ઐતિહાસિક ચુકાદો આપતાં પાકિસ્તાનની લશ્કરી અદાલતોમાં નાગરિકો સામે કેસ ચલાવવાની મંજૂરી આપી

**(SSS)** ઈસ્લામાબાદ

પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે સૈન્ય અદાલતોમાં આમ નાગરિકો વિરુદ્ધ ચાલી રહેલા નિર્ણયોને પડકારનારી યાચિકાને ફગાવી દીધી છે. એટલે કે મુનીર ઈચ્છે તેને ટાંગી શકે છે. આર્મી ચીફ અસીમ મુનીરે ભલે પાકિસ્તાનને ભારત સાથે યુદ્ધમાં ધકેલી દીધું હોય, પરંતુ સુપ્રીમ કોર્ટે પાકિસ્તાનમાં તેમની ઔર વધારી દીધુ છે. પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતાં પાકિસ્તાનની લશ્કરી અદાલતોમાં નાગરિકો સામે કેસ ચલાવવાની મંજૂરી આપી છે. જે બાદ પાકિસ્તાની સેનાને લશ્કરી અદાલતોમાં સામાન્ય નાગરિકો પર કેસ ચલાવવાનો ખુલ્લો અધિકાર મળ્યો છે. એટલે કે, દેશની લોકશાહીને પહેલાથી જ કચડી નાખનારી પાકિસ્તાની સેનાને સુપ્રીમ કોર્ટના આ ચુકાદા બાદ વધુ સત્તા મળી ગઈ છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી અસીમ મુનીર વધુ શક્તિશાળી બની ગયા છે અને ઈમરાન ખાન માટે આ મોટા ઝટકા સમાન છે. ૭ મેના રોજ, પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતાં, લશ્કરી અદાલતોમાં નાગરિકો વિરુદ્ધના નિર્ણયોને પડકારતી અરજીને ફગાવી દીધી છે. અરજીમાં, લશ્કરી અદાલતોમાં નાગરિકો વિરુદ્ધના કેસોને ‘ગેરબંધારણીય’ ગણાવવામાં આવ્યા હતા. સમાચાર એજન્સી PTIના અહેવાલ મુજબ, ઈસ્લામાબાદની ટોચની અદાલતની બંધારણીય બેન્ચે ચુકાદો આપતાં, ૯ મે ૨૦૨૩ના રોજ સૈન્ય વિરોધી વિરોધ પ્રદર્શનોમાં સામેલ ઈમરાન ખાનના સમર્થકો સામે સૈન્ય કાર્યવાહી કરવાનો માર્ગ મોકળો કર્યો છે. આપને જણાવી દઈએ કે ૯ મે ૨૦૨૩ ના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાન અને પાર્ટીના વડા ઈમરાન ખાનની ધરપકડ બાદ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) ના લાખો સમર્થકોએ ઉગ્ર પ્રદર્શનો કર્યા હતા. આ દરમિયાન, ઈમરાન ખાનના સમર્થકોએ લશ્કરી ઠેકાણાઓ પર પણ હુમલા કર્યા હતા અને તોડફોડ કરી હતી. ત્યારબાદ પાકિસ્તાન સેનાએ ઈમરાન ખાનના ૧૦૦૦ થી વધુ સમર્થકોની ધરપકડ કરી હતી. ન્યૂઝ એજન્સી રોઈટર્સે ૨૦૨૪ માં અહેવાલ આપ્યો હતો કે PTI એ આરોપ લગાવ્યો હતો કે પાર્ટીના સેંકડો સભ્યોને કોઈપણ પુરાવા વિના બળજબરીથી ઉપાડી લેવામાં આવ્યા હતા. આર્મી કોર્ટે ૨ થી ૪ દિવસમાં તેમની વિરુદ્ધ ચુકાદો આપવાનું શરૂ કર્યું અને ખૂબ જ કડક સજા આપવાનું શરૂ કર્યું. ઈમરાન ખાનના અનેક સમર્થકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અમીનુદ્દીન ખાનની આગેવાની હેઠળની સાત સભ્યોની બંધારણીય બેન્ચે ઓક્ટોબર ૨૦૨૩ના સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્ણયને ઉલટાવી દીધો છે. એટલે કે, પાકિસ્તાન એક એવો દેશ બની ગયો છે જ્યાં સુપ્રીમ કોર્ટ થોડા મહિનાઓ પછી પોતાના જ નિર્ણયને પલટાવી નાખે છે. જે તે થોડા મહિનાઓ પહેલા નિર્ણય લે છે. તે સમય દરમિયાન, બીજી બંધારણીય બેન્ચે લશ્કરી અદાલતમાં નાગરિકોના કેસ ચલાવવા સામે ચુકાદો આપ્યો હતો અને તેને ગેરબંધારણીય ગણાવ્યો હતો.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### ઓપરેશન સિંદૂરથી દેશની હિંમત વધી

# આતંકવાદીઓ સામે આ યોગ્ય કાર્યવાહી : RSS

## રાષ્ટ્રીય સંકટની આ ઘડીમાં આખો દેશ તન, મન અને ધનથી સરકાર અને સશસ્ત્ર દળોની સાથે ઉભો છે : સંઘ

(SSS) નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું એક નિવેદન હવે સામે આવ્યું છે. ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરતા સંઘે કહ્યું કે ઓપરેશન સિંદૂરથી દેશની હિંમત વધી છે. તેમણે સેનાની આ કાર્યવાહી વિશે એમ પણ કહ્યું કે, આતંકવાદીઓ સામે આ સંપૂર્ણપણે યોગ્ય કાર્યવાહી છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલા પછી ભારતે ૬-૭ મેના રોજ પાકિસ્તાન સામે ઓપરેશન સિંદૂર ચલાવ્યું. આ ઓપરેશન દ્વારા ભારતે પાકિસ્તાનને સ્પષ્ટ કરી દીધું કે ભારત આતંકવાદ સામે ચૂપ નહીં રહે. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતે પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા અને તેમને નષ્ટ કર્યા. આ પછી ગુરુવારે રાત્રે પાકિસ્તાને પણ ભારત પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કહ્યું, ''પહેલગામની કાયરતાપૂર્ણ આતંકવાદી ઘટના પછી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓ અને તેમના સમર્થક પર્યાવરણ સામે નિર્ણાયક કાર્યવાહી ઓપરેશન સિંદૂર માટે ભારત સરકાર અને સશસ્ત્ર દળોના નેતૃત્વને હાર્દિક અભિનંદન.'' હિન્દુ યાત્રાળુઓના હત્યાકાંડમાં પીડિત પરિવારો અને સમગ્ર રાષ્ટ્રને ન્યાય અપાવવા માટેના આ પગલાથી સમગ્ર રાષ્ટ્રના આત્મસન્માન અને હિંમતમાં વધારો થયો છે.

અમે એમ પણ માનીએ છીએ કે પાકિસ્તાનમાં આતંકવાદીઓ તેમના માળખાગત સુવિધાઓ અને સહાયક પ્રણાલી સામે કરવામાં આવી રહેલી લશ્કરી કાર્યવાહી દેશની સુરક્ષા માટે જરૂરી અને અનિવાર્ય પગલું છે. રાષ્ટ્રીય સંકટની આ ઘડીમાં આખો દેશ તન, મન અને ધનથી સરકાર અને સશસ્ત્ર દળોની સાથે ઉભો છે. પડોશી દેશની નિંદા કરતા સંઘે કહ્યું કે અમે પાકિસ્તાની સેના દ્વારા ભારતીય સરહદ પર ધાર્મિક સ્થળો અને નાગરિક વસાહતો પર કરવામાં આવી રહેલા હુમલાઓની નિંદા કરીએ છીએ અને આ હુમલાઓનો ભોગ બનેલા લોકોના પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ. સંઘે વધુમાં જણાવ્યું હતું કે, આ પડકારજનક પ્રસંગે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તમામ દેશવાસીઓને સરકાર અને વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી તમામ માહિતીનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા અપીલ કરે છે. આ સાથે, આ પ્રસંગે આપણે આપણી નાગરિક ફરજ બજાવતી વખતે એ પણ ધ્યાન રાખવું પડશે કે આપણે સામાજિક એકતા અને સુમેળને ખલેલ પહોંચાડવાના રાષ્ટ્રવિરોધી પરિબળોના કોઈપણ કાવતરાને સફળ ન થવા દઈએ.

### સિંધુ જળ સંધિના મામલે પાકિસ્તાનને સૌથી મોટો ઝટકો

(SSS) નવી દિલ્હી

ભારત ફરી એકવાર પાકિસ્તાનને ઘૂંટણિયે પાડવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સરહદ પર પાકિસ્તાનને જોરદાર જવાબ આપવામાં આવી રહ્યો છે અને વોટર સ્ટ્રાઈક દ્વારા પાડોશી દેશને તેના કાર્યોનું પરિણામ મળી રહ્યું છે. ભારત માટે એ કોઈ સારા સમાચારથી ઓછું નથી કે વિશ્વ બેંકે સિંધુ જળ સંધિ અંગે તેની ભૂમિકા અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિશ્વ બેંકે કહ્યું છે કે તે મધ્યસ્થી સિવાય બીજી કોઈ ભૂમિકા ભજવશે નહીં. આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાના પ્રમુખ અજય બંગાએ જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિમાં વિશ્વ બેંકની મધ્યસ્થી સિવાય કોઈ ભૂમિકા નથી.



ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૦ મેના રોજ 'વિશ્વ સ્થળાંતર-યાયાવર પક્ષી' દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેની થીમ આ વર્ષે 'પક્ષી-મૈત્રીપૂર્ણ શહેરો અને સમુદાયોનું નિર્માણ' નક્કી કરવામાં આવી છે. આ દિવસની ઉજવણીના સંદર્ભે વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ એમ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ચાર 'રામસર સાઈટ' વિસ્તારમાં અંદાજે ૧૪.૨૦ લાખથી વધુ યાયાવર પક્ષીઓ ગુજરાતના મહેમાન બન્યા છે.

### ભારતીય સેનાના ઋણી રહીશું...

# વિરાટ કોહલી અને જસપ્રીત બુમરાહની ભાવુક પોસ્ટ

(SSS) નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા લશ્કરી તણાવ વચ્ચે, ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ના સ્ટાર બેટર વિરાટ કોહલીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ભાવુક પોસ્ટ શેર કરીને દેશના સૈનિકોને સલામ કરી છે. આ સાથે જ જસપ્રીત બુમરાહે પણ ભારતીય સેનાની હિંમત અને સાહસને સલામ કર્યા હતા.

વિરાટ કોહલીએ પોસ્ટ કરીને લખ્યું, આપણે આપણી સેના સાથે એકતામાં ઉભા છીએ અને આ મુશ્કેલ સમયમાં આપણા દેશનું રક્ષણ કરવા બદલ તેમને સલામ કરીએ છીએ. આપણે આપણા હિરોની અતૂટ બહાદુરી માટે હંમેશા ઋણી રહીશું અને આપણા દેશ માટે તેમના અને તેમના પરિવારો દ્વારા આપવામાં આવેલા બલિદાન માટે હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

આ સાથે જ ભારતીય સ્ટાર બોલર જસપ્રીત બુમરાહે પણ ભારતીય સેનાના સાહસની પ્રસંશા કરતી ઠ પર એક ટ્વિટ શેર કરી હતી, જેમાં લખ્યું હતું કે, હું આપણા સશસ્ત્ર દળોના હિંમત અને બહાદુરી બદલ આભારી છું. તેમને સલામ અને આપણને સુરક્ષિત રાખવા માટે તેઓ જે કંઈ કરે છે તેના માટે હંમેશા તેમના ઋણી રહીશું. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે, ત્યારે પાકિસ્તાને ગુરુવારે (૮ મે, ૨૦૨૫) જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં સેના સ્ટેશનો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તમામ પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોનને આકાશ પર જ તોડી પાડવામાં આવ્યા હતા. જો કે આ હુમલામાં કોઈ પણ પ્રકારે ભારતને નુકસાન ન થયું હોવાનું સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું. ભારત પોતાની સાર્વભૌમત્વની રક્ષા કરવા અને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે તેવું જણાવવામાં આવ્યું હતું.

### ફોર્મ લેવા લોકોની પડાપડી

# ચંડોળા તળાવમાં EWS સ્કીમ હેઠળ બનાવાશે મકાન

## આસપાસમાં વસતા ૮,૦૦૦ જેટલા ઝૂંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ગરીબ આવાસ યોજના હેઠળ મકાનો ફાળવવાનો AMCએ મહત્વનો નિર્ણય લીધો છે

(SSS) અમદાવાદ

ચંડોળા તળાવને ઝુંપડપટ્ટી મુક્ત કરવા માટે ઝુંપડાવાસીઓને EWS મકાનો ફાળવવા અંગે સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર કરાયેલા ઠરાવમાં ૧-૧૨-૨૦૧૦ અગાઉ ચંડોળા તળાવ વિસ્તારમાં રહેનારાઓને જ આ યોજનાનો લાભ મળશે તેવી મહત્વની જોગવાઈ પણ કરવામાં આવી છે. તાજેતરનાં વર્ષોમાં ચંડોળાનાં કિનારે ઝુંપડા બનાવીને રહેતાં હશે તેમને આવાસ મળશે નહિ અને તેમને ત્યાંથી ખસેડવામાં આવશે. આ ઠરાવ મંજૂર કરીને તે અંગે રાજ્ય સરકારની મંજૂરી મેળવવામાં આવશે. ડ્રોન મારફતે સર્વે કરાવો છે અને ચંડોળા તળાવ અને તળાવની ફરતે આશરે ૨.૫૦ લાખ ચો.મી. જમીનમાં દબાણો હોવાનું જોવા મળ્યું છે અને તબક્કાવાર રીતે આ તમામ દબાણો દૂર કરાશે.ચંડોળામાં ઝુંપડાવાસીઓને EWS મકાનો માટે દાણીલીમડા વોર્ડમાંથી જ ફોર્મ આપવામાં આવશે. સામાન્ય રીતે AMC દ્વારા EWS મકાનો માટે ઓનલાઈન ફોર્મ પણ જારી કરવામાં આવે છે અને AMCની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને તે મેળવી શકાય છે. પરંતુ ચડોળાના ઝુંપડાવાસીઓને વિકલ્પ આપવામાં કોઈ ગેરરીતિ ન થાય તે હેતુસર વોર્ડ ઓફિસમાંથી રૂબરૂમાં જ મેન્યુઅલ ફોર્મ આપવામાં આવશે. ચંડોળા તળાવ અને પરિસરમાં રહેતા ફક્ત ભારતીય નાગરિકત્વના પુરાવા ધરાવનારને જ વિકલ્પ અપાશે. બાંગ્લાદેશીઓ માટે આ સ્કીમ નથી. ચંડોળામાં વર્ષોથી બાગ્લાદેશીઓ રહેતા હોવાના આક્ષેપો તથા બાંગ્લાદેશીઓએ રાજકીય આગેવાનોના લેટરપેડના આધારે જાતજાતનાં પુરાવા ઉભા કરી લીધા હોવાની આશંકા મામલે તેમણે વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું કે. બાંગ્લાદેશીઓ આ યોજનાનો લાભ લઈ ના જાય તે માટે જે લોકો મકાન મેળવવા માટે પુરાવા રજૂ કરશે તેનું પોલીસ વેરિફિકેશન કરાવવામાં આવશે સાત ઝોનમાં ૮.૨૫૪ આવાસનુ નિર્માણ કાર્ય ચાલુ છે તે આવાસ ફાળવવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, ચંડોળા તળાવમાં પુરાણ કરીને ફાર્મહાઉસ અને ઝુંપડા વગેરે બનાવી બાંગ્લાદેશીઓને આશરો આપનારા લલ્લા બિહારીનાં ગેરકાયદે દબાણો નેસ્તનાબૂદ કરી નાખ્યા બાદ હવે બાકીનાં ગેરકાયદે ઝૂંપડા દૂર કરી તળાવને દબાણમુક્ત બનાવવા માટે બીજા તબક્કાની કાર્યવાહી અંતર્ગત ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા આપવા માટે EWS હેઠળ બનતાં મકાનો ફાળવવાનો નિર્ણય લેવાયો છે. રૂ. ૩ લાખની આવક ધરાવતા ઝૂંપડાવાસીઓને શહેરના સાતેય ઝોનમાં EWS હેઠળ બની રહેલા મકાનામાં વિકલ્પ અધાશે. હ્રરૂસ્ઝ રિધેશ રાવલે જણાવ્યું હતું કે, ચંડોળાને ઝુંપડામુક્ત કરવા માટે AMC અને કલેક્ટર કચેરી દ્વારા ડીમાર્કેશનની કામગીરી હાથ ધરાઈ છે.ચંડોળા તળાવમાંથી ૧.૫૦ ચો.મી. જમીનમાંથી દબાણો હટાવાયા છે.

### પાકિસ્તાન પાસે રાહ જોવાનો સમય નથી : ખ્વાજા આસિફ

# પાકિસ્તાન બરબાદ થઈ ગયું, પણ ખ્વાજા આસિફની ટણી ન ગઈ

## સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ભારતને ધમકી આપી હતી કે, જો વાતચીત નહીં થાય તો, બંદૂકો જ એકમાત્ર રસ્તો છે

(SSS) ઈસ્લામાબાદ

ભારતે પાકિસ્તાન પર હુમલો કરીને તેને ધૂળ ભેગું કરી દીધી હોવા છતાં, તેમના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફનો ઘમંડ ઓછો થઈ રહ્યો નથી. તેમણે ફરી એક વખત ભારતને ધમકી આપી હતી કે, જો વાતચીત નહીં થાય તો, બંદૂકો જ એકમાત્ર રસ્તો છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ચેતવણી આપી હતી કે, "જો ભારત રાજદ્વારી અને રાજકીય સ્તરે જોડાશે નહીં તો, અમે (પાકિસ્તાન) બંદૂકોથી જવાબ આપીશું." તેમણે કહ્યું કે, પાકિસ્તાન પાસે રાહ જોવા અને ધીરજ બતાવવાનો સમય નથી. આસિફે પણ એવું કહેવાની તક ગુમાવી નહીં કે, આપણે ભારતને અહીં રોકવું પડશે. આ પહેલી વાર નથી, જ્યારે સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ભારતને ચેતવણી આપી હોય હતી. આ અગાઉ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અને પંજાબ પ્રાંતમાં આતંકવાદી ઠેકાણાઓ પર લશ્કરી હુમલાના કલાકો પછી, તેમણે કહ્યું હતું કે, ઈસ્લામાબાદ સંપૂર્ણ યુદ્ધ ટાળવાનો પ્રયાસ કરી રહ્યું છે. આસિફે CNNના બેકી એન્ડરસનને જણાવ્યું કે, "આ સંઘર્ષ સંપૂર્ણ યુદ્ધમાં ફેરવાઈ જવાની સંભાવના છે, જેને આપણે ટાળવાનો પ્રયાસ કરી રહ્યા છીએ." તેમણે દાવો કર્યો હતો કે, ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરી હતી. આસિફે કહ્યું કે, મંગળવારે મોડી રાત્રે થયેલો હુમલો "સ્પષ્ટ ઉલ્લંઘન અને સંઘર્ષને વધારવા અને તેને વધુ વ્યાપક અને ખતરનાક બનાવવાનું આમંત્રણ હતું." જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, આગળ શું થશે, ત્યારે મંત્રીએ કહ્યું કે, પાકિસ્તાન "પૂર્ણ યુદ્ધ માટે તૈયાર છે." ઉલ્લેખનીય છે કે, ભારતે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જે હેઠળ ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે પીઓકે અને પંજાબમાં નવ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. જણાવી દઈએ કે, પહલગામ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા.

### ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ

# પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા ભારતના ૨૫ એરપોર્ટ બંધ

## ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવને લઈ દેશના એરપોર્ટમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે

(SSS) મુંબઈ-નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવને લઈ દેશના એરપોર્ટમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તમામ એરપોર્ટ પરના પ્રવાસીઓને સેકન્ડરી લેડર પોઈન્ટ ચેકિંગ યાની એસએલપીસી કરવામાં આવશે. આ મુદ્દે ઈન્ડિગો ને સ્પાઈસ જેટે ટ્રાવેલ એડવાઝરી જારી કરી છે, જ્યારે પ્રવાસીઓને પણ સાવધાની રાખવાનો અનુરોધ કર્યો છે. દેશના મહત્વના ૨૫ એરપોર્ટસ હંગામી ધોરણે બંધ કરવામાં આવ્યા છે, જ્યારે ૪૦૦થી વધુ ફ્લાઈટ્સને કેન્સલ કરવામાં આવી છે. એટલું જ નહીં, આગામી આદેશ સુધી બંધ રહેશે.પહલગામ હુમલાનો બદલો લેવા માટે ભારતીય આતંકવાદીઓ કેમ્પ પર હુમલો કરવા માટે ઓપરેશન સિંદૂર હાથ ધર્યા પછી પાકિસ્તાનની ઊંઘ હરામ થઈ છે, ત્યારે સરહદ પાર કરીને પાકિસ્તાન દ્વારા હુમલો કરવામાં આવતા ધીમી ધીમે તંગ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે.દેશમાં હવાઈ હુમલો થવાનું શરુ થવાથી સુરક્ષાના ભાગરુપે પ્રશાસન દ્વારા એરપોર્ટ પ્રશાસન તરફથી એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સરહદી વિસ્તારના રાજ્યો વધુ સંવેદનશીલ હોવાથી સુરક્ષાના ભાગરુપે નિર્ણય લીધો છે, કારણ કે પાકિસ્તાને પઠાણકોટ, જલંધર અને જેસલમેરમાં ડ્રોનથી હુમલો કર્યો હતો.

એર ઈન્ડિયાથી લઈને ઈન્ડિગોની અનેક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેમાં સ્પાઈસ જેટ, એર ઈન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર સહિત વિદેશી એરલાઈન્સનો સમાવેશ થાય છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા સરહદી રાજ્યમાં જેમ કે પંજાબ, જમ્મુ કાશ્મીર, લદ્દાખ, ગુજરાત, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશના ૨૫ એરપોર્ટસને પેસેન્જર સર્વિસને બંધ કરવામાં આવી છે. ઉત્તર અને પશ્ચિમ ભારતના એરપોર્ટ પૈકી શ્રીનગર સિવાય લેહ, જમ્મુ, અમૃતસર, પઠાણકોટ, ચંદીગઢ, જોધપુર, જૈસલમેર, શિમલા, ધર્મશાલા અને જામનગરનો સમાવેશ થાય છે. બીજી બાજુ એરલાઈન્સ દ્વારા એડવાઈઝરી જારી કરવામાં આવી છે.ઈન્ડિગો અને સ્પાઈસજેટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરીને પેસેન્જરે સાવધાની રાખવાનો અનુરોધ કર્યો છે. સ્પાઈસ જેટે પ્રવાસીઓને ખાસ કરીને એરપોર્ટ પર મહત્તમ ત્રણ કલાક પૂર્વે એરપોર્ટ પહોંચવાની ભલામણ કરી છે, જ્યારે ઈન્ડિગો ટવિટ કરીને લખ્યું છે સિક્યોરિટી માટે વધુ સમય લાગતો હોવાથી ઔપચારિક કામગીરી માટે સ્ટાફને જરુરી સમય આપવા ભલામણ કરી છે.એના સિવાય નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરોએ પણ તમામ એરપોર્ટસ અને એરલાઈનને સુરક્ષા મુદ્દે વધુ પગલા ભરવાનો નિર્દેશ આપ્યો છે. બીસીએએસના નિયમો અન્વયે તમામ પ્રવાસીઓ માટે હવે સેકન્ડરી લેડર પોઈન્ટ ચેકિંગ ફરજિયાત બનશે.ડોમેસ્ટિક પેસેન્જરે એરપોર્ટ પર ત્રણ કલાક પૂર્વે પહોંચવાનું રહેશે, જ્યારે ચેક-ઈન ૭૫ મિનિટ પૂર્વે બંધ થશે. અહીં એ જણાવવાનું પહલગામ હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો છે. છઠ્ઠી-સાતમી મેના ભારતે પાકિસ્તાન-પીઓકેમાં એર સ્ટ્રાઈક કરી હતી, જેમાં ૧૦૦ આતંકવાદી માર્યા ગયા હતા.

# CAની પરીક્ષા આગામી નિર્ણય સુધી મોકૂફ

## ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ અને ઓપરેશન સિંદૂર પછી ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી નિર્ણય

(SSS) નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચેની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ઈન્સ્ટિટ્યુટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI)એ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મે ૨૦૨૫માં યોજાનારી ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (CA) પરીક્ષા હવે નિર્ધારિત તારીખે યોજાશે નહીં. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ અને ઓપરેશન સિંદૂર પછી ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ICAIએ CA પરીક્ષા મુલતવી રાખી છે. દેશમાં તણાવપૂર્ણ અને સુરક્ષા સંબંધિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મે ૨૦૨૫માં યોજાનારી CA ફાઈનલ, ઈન્ટરમીડિયેટ અને પોસ્ટ ક્વોલિફિકેશન કોર્સ (PQC) ઈન ઈન્ટરનેશનલ ટેક્સેશન(INTTAT)ની બાકી રહેલી કેટલીક પરીક્ષાઓ નવમીથી ૧૪મી મે દરમિયાન યોજાવાની હતી, તેને મોકૂફ રાખવામાં આવી છે. જો કે, ICAI એ હજુ સુધી નવી તારીખોની જાહેરાત કરી નથી. વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપે અને ફક્ત સત્તાવાર વેબસાઈટ icai.org પરથી જ અપડેટ્સ મેળવે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે, ત્યારે પાકિસ્તાને ગુરુવારે (૮ મે, ૨૦૨૫) જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં સેના સ્ટેશનો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તમામ પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોનને આકાશમાં જ તોડી પાડવામાં આવ્યા હતા. જો કે આ હુમલામાં કોઈ પણ પ્રકારે ભારતને નુકસાન ન થયું હોવાનું સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું.

### ભારત-પાકિસ્તાન તણાવ

# રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂર પડે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરવા સત્તા

## ભારતના ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન મોર્ટાર અને આર્ટિલરી ગનની મદદથી સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યું છે

(SSS) નવી દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂરિયાત સમયે કટોકટીની સત્તાનો ઉપયોગ કરવાના નિર્દેશ કર્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને વહીવટકર્તાઓને પત્ર લખી સિવિલ ડિફેન્સ રૂલ્સ હેઠળ સાવચેતીના જરૂરી પગલાંના અસરકારક અમલ માટે ઈમરજન્સી પાવર (કટોકટીની સત્તા)નો ઉપયોગ કરવાનો નિર્દેશ કર્યો છે. ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ સ્થિતિમાં બનાસકાંઠા, પાટણ, કચ્છ સહિતના સરહદી વિસ્તારોમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી સરહદી જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરી હતી. ભારતના ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન મોર્ટાર અને આર્ટિલરી ગનની મદદથી સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યું છે. તેમજ મોડી રાત્રે ડ્રોન અને મિસાઈલો વડે સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. જો કે, ભારતીય સેના તેનો જડબાતોડ જવાબ આપ્યો છે. પાકિસ્તાનના તમામ ડ્રોન અને મિસાઈલ હુમલાને નિષ્ફળ બનાવ્યા છે. તગૃહ મંત્રાલયે આજે સવારે ભારત-પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની સ્થિતિમાં સોશિયલ મીડિયા અને અમુક મીડિયા પ્રકાશનો દ્વારા ફેલાવાઈ રહેલા ખોટા અહેવાલો અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી હતી. જૂની તસવીરો અને હુમલાની મદદથી ફેક ન્યૂઝ વાઈરલ થઈ રહ્યા છે, જેના પર વિશ્વાસ કરતા પહેલા ફેક્ટ ચેક કરવાની પણ અપીલ કરી છે.

### સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો કડાકો : સેન્સેક્સ ઘટીને ૭૯,૪૫૪.૪૭ પર બંધ થયો હતો

# ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે શેરબજાર ધડામ

(SSS) મુંબઈ

શેરબજારમાં મિડકેપ-સ્મોલકેપ ઈન્ડેક્સ તળિયેથી રિકવર થયા પછી બંધ થયો હતો. જેમાં રિયલ્ટી, બેંકિંગ, તેલ અને ગેસ શેરોમાં વેચવાલી જોવા મળી. FMCG, PSE, IT શેરોમાં દબાણ રહ્યું. ડિફેન્સ અને PSU બેંક સંબંધિત શેરોમાં વધારો થયો હતો.

નિફ્ટીમાં ICICI બેંક, પાવર ગ્રીડ કોર્પ, અલ્ટ્રાટેક સિમેન્ટ, શ્રીરામ ફાઈનાન્સ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ ટોચના ઘટાડા કરનારા શેર હતા.જ્યારે ટાઈટન કંપની, ટાટા મોટર્સ, એલ એન્ડ ટી, ભારત ઈલેક્ટ્રોનિક્સ, હીરો મોટોકોર્પ સૌથી વધુ વધ્યા હતા. જ્યારે રિયલ્ટી ઈન્ડેક્સ ૨.૫ ટકા ઘટીને બંધ થયો. જ્યારે PSU બેંક ઈન્ડેક્સ ૧.૩ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો, ત્યારે મીડિયા, કન્ઝ્યુમર ડ્યુરેબલ, કેપિટલ ગુડ્સ, PSU બેંક ઈન્ડેક્સ ૦.૮-૧.૬ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૮૮૦,૩૪ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૭૯,૪૫૪.૪૭ પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી ૨૬૫.૮૦ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૨૪,૦૦૮.૦૦ પર બંધ થયો.

શુક્રવારે સંરક્ષણ ક્ષેત્રની કંપની પારસ ડિફેન્સનો શેર ખુલતાની સાથે જ તેજીમાં જોવા મળ્યો. ટ્રેડિંગની શરૂઆતમાં તે લગભગ ૬ ટકા ઉછળીને રૂ. ૧૪૩૯ પર પહોંચી ગયો. શેરમાં વધારાને કારણે કંપનીનું માર્કેટ કેપ પણ રૂ. ૭૭૮૦ કરોડ સુધી પહોંચી ગયું.

જો આપણે કોચીન શિપયાર્ડના શેરની વાત કરીએ તો તે પણ વધારા સાથે ખુલ્યો અને ૧૪૨૬.૨૦ રૂપિયા પર ખુલ્યા પછી ટ્રેડિંગના ટૂંકા સમયમાં તે ૩ ટકા વધીને ૧૪૮૪ રૂપિયા પર પહોંચી ગયો. શેરના ભાવમાં આ વધારાને કારણે કંપનીનું બજાર મૂલ્ય પણ વધીને ૩૮૮૩૦ કરોડ રૂપિયા થઈ ગયું.

શરૂઆતના વેપારમાં માઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડનો શેર પણ રોકેટ ગતિએ દોડતો જોવા મળ્યો હતો અને ૨૮૧૭ પર ખુલ્યા પછી તે મિનિટોમાં લગભગ ૪ ટકા વધીને ૨૯૧૫ ના સ્તરે પહોંચી ગયો. આ શેરમાં ઉછાળાને કારણે સંરક્ષણ કંપનીની બજાર મૂડી પણ વધીને રૂ. ૧.૧૭ લાખ કરોડ થઈ ગઈ.

શુક્રવારે શેરબજારમાં શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન ભાગી ગયેલા સંરક્ષણ શેરોની યાદીમાં ભારત ડાયનેમિક્સનો સ્ટોક પણ સામેલ હતો. ભારત ડાયનેમિક્સનો શેર ૧૪૫૫ પર ખુલ્યો અને પછી અચાનક તે ૯ ટકાથી વધુ વધીને રૂ. ૧૫૯૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ જબરદસ્ત વૃદ્ધિની અસર કંપનીના સ્ઝ્રૐ પર જોવા મળી અને તે વધીને રૂ. ૫૮૦૭૦ કરોડ થઈ ગયું.



પ્રવર્તમાન તંગદિલીની સ્થિતિને પગલે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં આરોગ્ય વ્યવસ્થાઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

### ભાવ નિયંત્રણ માટે રાજ્ય સરકાર સતર્ક

# લોકોને આવશ્યક ચીજવસ્તુઓની સરળ ઉપલબ્ધિ માટે સરકાર સતર્ક

## મુખ્યપ્રધાનના આ દિશાનિર્દેશોને પગલે રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે સંપૂર્ણ પ્રબંધ કર્યો

(SSS) ગાંધીનગર

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રવર્તમાન પરિસ્થિતિમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો સરળતાએ મળી રહે તે માટેનું સુદ્રઢ વ્યવસ્થાતંત્ર ગોઠવવાના દિશાનિર્દેશો આપ્યા છે. મુખ્યપ્રધાનના આ દિશાનિર્દેશોને પગલે રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે સંપૂર્ણ પ્રબંધ કર્યો છે. તેની વિગતો આપતાં અન્ન અને નાગરિક પુરવઠા અગ્ર સચિવ આર. સી. મીનાએ જણાવ્યુ છે કે, પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ રહે અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે દરેક જિલ્લા કલેક્ટરને વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે. આ માટે ૩૮ આવશ્યક ચીજવસ્તુઓના ભાવોનું સતત



નિયંત્રણ અને નિરીક્ષણ રાજ્ય સરકાર તથા દરેક જિલ્લા કલેક્ટર દ્વારા દરરોજ કરવામાં આવે છે. આવશ્યક ચીજવસ્તુઓની સંગ્રહખોરી (સ્ટોકિંગ) અથવા જમાખોરી (હોલ્ડિંગ) ન થાય તે માટે તમામ વિક્રેતા, રિટેલર, પ્રોસેસર, મિલર અને ઈમ્પોર્ટરશ્રીઓને જરૂરી કાયદાકીય નિયમોનું પાલન કરવા ખાસ તાકીદ કરવામાં આવી છે. જો કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા આવશ્યક ચીજવસ્તુઓના સંગ્રહ કે જમાખોરીમાં સંડોવાયેલી જોવા મળશે, તો તેમના વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ કડક કાર્યવાહી જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવશે તેમ અગ્ર સચિવે જણાવ્યું છે. છેલ્લા ૬ વર્ષમાં હાલ ખાદ્ય પદાર્થોનો છૂટક ફુગાવો (રીટેલ ઈન્ફ્લેશન) સૌથી ઓછા સ્તરે છે. એટલું જ નહિ, તમામ આવશ્યક ખાદ્ય પદાર્થોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે તે ઉપરાંત ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા પણ ચાલુ છે. આ સમગ્ર બાબતોને ધ્યાને લઈને તમામ નાગરિકો કોઈપણ પ્રકારની અફવાઓથી ગેરમાર્ગે દોરાય નહીં અને રાજ્ય સરકાર તથા જિલ્લા વહીતંત્ર પર વિશ્વાસ સાથે સંપૂર્ણ સહકાર આપે તેવો અનુરોધ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

### કચેરીઓના વડાઓને પણ સૂચનાઓ આપવામાં આવી છે

# રાજ્ય સરકારના તમામ કર્મચારીઓની રજા તાત્કાલિક અસરથી રદ કરાઈ

## રજા પર રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક અસરથી ફરજ પર પાછા ફરે

(SSS) ગાંધીનગર

પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારના તમામ વિભાગો અને કચેરીઓ, તેમજ બોર્ડ, કોર્પોરેશન, પંચાયત, મ્યુનિસિપલ કોર્પોરેશનો અને સ્વાયત્ત અને ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓના અધિકારીઓ અને કર્મચારીઓની તમામ પ્રકારની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. સંબંધિત વિભાગો અથવા કચેરીઓના વડાઓને પણ સૂચનાઓ આપવામાં આવી છે કે હાલમાં રજા પર રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક અસરથી ફરજ પર પાછા ફરે.બીજી બાજુ, ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલીની સાંપ્રત સ્થિતિમાં આરોગ્ય વિભાગની સંપૂર્ણ તૈયારીઓ છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે તમામ જિલ્લાઓના આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક કરી હતી. વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી જેમાં જિલ્લા વિકાસ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. તમામને ઈમરજન્સીમાં જરૂરી તમામ વ્યવસ્થાઓ માટે સૂચનાઓ અપાઈ હતી. ખાસ, સરહદી જિલ્લાઓને કોઈપણ પરિસ્થિતિમાં પહોંચી વળવા આરોગ્ય સુવિધાઓના મજબૂતીકરણની સૂચનાઓ આપી હતી. ભારત-પાકિસ્તાન સરહદ પર વધતા તણાવને ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્ય સરકાર સક્રિય બની છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો સાથે ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી વીડિયો કોન્ફરન્સ યોજી સંભવિત પરિસ્થિતિ માટેની તૈયારી અંગે સમીક્ષા કરી હતી. આ બેઠકમાં જિલ્લાવાર સ્થિતિની ચર્ચા સાથે ચોક્કસ માર્ગદર્શનો પણ આપવામાં આવ્યા હતા.

### બનાસકાંઠાનું તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું

# નારાયણ સરોવર પાસે હથિયારધારી જવાન તૈનાત

## સાંજે બ્લેક આઉટ અંગે તંત્ર લોકોને જણાવશે. ઠેર ઠેર ખાસ સ્પોટ પર પોલીસ અને પેરા જવાનો તૈનાત કરી દેવાયા છે

(SSS) કચ્છ

પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ દરમિયાન કચ્છ અને બનાસકાંઠાનું તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. કચ્છમાં નારાયણ સરોવર પાસે હથિયારધારી જવાનો તૈનાત કરી દેવાયા છે. વાહનો અને લોકોનું સતત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. બહારના લોકો માટે સંવેદનશીલ વિસ્તારોમાં પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. બંને જિલ્લાના છેવાડાના ગામોમાં ખાસ માર્ગ દર્શિકા હેઠળ કામગીરી શરૂ કરાઈ છે. આજે સાંજે બ્લેક આઉટ અંગે તંત્ર લોકોને જણાવશે. ઠેર ઠેર ખાસ સ્પોટ પર પોલીસ અને પેરા જવાનો તૈનાત કરી દેવાયા છે. કચ્છના સીમાવર્તી વિસ્તારો અને ગામોમાં એલર્ટ કચ્છમા નારાયણ સરોવર અને આસપાસના વિસ્તારોમા હથિયારધારી પોલીસ અને અન્ય જવાનો તૈનાત કરવામાં આવ્યાં છે. સીમાવર્તી વિસ્તારો અને ગામોમાં એલર્ટ આપીને સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ગઈકાલે જાહેર કરવામાં આવેલા બ્લેક આઉટ બાદ આજે સાંજે બ્લેક આઉટ અંગે વહીવટી તંત્ર દ્વારા લોકોને જાણ કરાશે. અત્યાધુનિક હથિયારો સાથે પોલીસ અને પેરા જવાનોને ઠેર ઠેર તૈનાત કરી દેવાયા છે. બીજી તરફ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને પોલીસ વડાની બેઠક યોજાઈ છે. સરહદી વિસ્તારોમાં સુરક્ષા માટે માસ્ટર પ્લાન ઘડવામાં આવ્યો છે. ઈમર્જન્સી માટે હેલ્થ સેન્ટર અને ડોક્ટર્સની સુવિધા માટે તૈયારીઓ શરૂ કરાઈ છે. પેરા મેડિકલ સ્ટાફ જેવી સુવિધાઓ પણ મળશે. પોલીસ દ્વારા સરહદી ગામોમાં ૨૪ કલાક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યુ છે. લોકોને રહેવા, જમવા સહિત આરોગ્યની સુવિધાઓ મળે તે માટેની વ્યવસ્થાઓ શરૂ કરાઈ છે.

### પોલીસની સોશિયલ મીડિયા પર ચાંપતી નજર

# યુદ્ધને લઈ વાંધાજનક-પોસ્ટ કરનારા ૪ લોકો સામે ફરિયાદ નોંધાઈ

## આર્મી મુવમેન્ટની પોસ્ટ કરનારા સામે પણ કાર્યવાહી થશે તેવી માહિતી સામે આવી છે

(SSS) અમદાવાદ

એક તરફ સરહદીય વિસ્તારોમાં તણાવભરી સ્થિતિ છે અને રાજ્ય સરકાર દ્વારા પણ આગોતરા પગલા લેવા માટે બેઠકો બોલાવવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ કેટલાક લોકો દ્વારા રાષ્ટ્રીય લાગણી દુભાય તેવા અને સેનાનું મનોબળ નબળું પડે તેવા કૃત્યો કરવામાં આવી રહ્યાં છે. સોશિયલ મીડિયામાં ભ્રામક અને ખોટી વિગતો શેર કરવામાં આવી રહી છે. જેની સામે ગુજરાત પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. તો ગુજરાત પોલીસનો સાયબર વિભાગ આ બાબતે રાખી રહ્યું છે સતત નજર. ગૃહમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્વની બેઠક મળી હતી જેમાં ડીજીપી અને સાયબર સેલના અધિકારીઓ જોડાયા હતા, તો સાયબર વિભાગની ટીમ આ બાબતે ચાંપતી નજર રાખી રહી છે, દેશ વિરોધી પોસ્ટ કરનારા સામે કડક કાર્યવાહી થશે અને ગુજરાત પોલીસે આ બાબતે ૪ લોકો સામે ફરિયાદ પણ નોંધી છે, આર્મી મુવમેન્ટની પોસ્ટ કરનારા સામે પણ કાર્યવાહી થશે તેવી માહિતી સામે આવી છે, પોલીસ વિભાગના સો. મીડિયા પર નજર રાખી રહ્યું છે. ફવાદ ખાનની ફિલ્મ પર મુકાયો પ્રતિબંધ

### અફવાથી દૂર રહેવા પેસેન્જરોને કરાઈ અપીલ

# આતંકી હુમલા બાદ રેલવે, એરપોર્ટ બાદ ST વિભાગ એલર્ટ

(SSS) અમદાવાદ

પહેલગામ હુમલાનો ભારતે વળતો જવાબ આપીને દેશ અને દુનિયાને ચોંકાવી દીધી છે. કારણ કે, ભારતીય સેનાએ બદલો લેવા માટે આતંકવાદીઓને તેમના ઘરમાં ઘુસીને માર્યા છે ત્યારે હવે આતંકી હુમલા બાદ રેલવે, એરપોર્ટ બાદ ST વિભાગ એલર્ટ મોડ પર આવી ગયું છે. ST વિભાગ એલર્ટ મોડમાંભારત અને પાકિસ્તાનના તણાવ વચ્ચે ST વિભાગ એલર્ટ મોડમાં જોવા મળ્યું છે. ગુજરાતના ST પર કોઈપણ જાનહાની ન થાય તે હેતુથી સુરક્ષા રાખવામાં આવી છે. ST વિભાગમાં પેસેન્જરના ચેકિંગ સહિતની તપાસ હાથ ધરવામાં આવી છે.સાથે જ ST વિભાગે અફવાથી દૂર રહેવા પેસેન્જરોને અપીલ કરી છે. સ્પીકરમાં સાવચેત અને સુરક્ષિત રહેવાની અપીલ કરવામાં આવી છે. સ્પીકરમાં એનાઉન્સ લોકોમાં જાગૃતતા લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પેસેન્જરોને અફવાથી દુર રહેવા અને દેશવાસીઓ સુરક્ષીત છે તેવી માહિતી આપવામાં આવી છે. આતંકી હુમલા બાદ થયેલા તણાવના માહોલ વચ્ચે જાહેર સ્થળોને એલર્ટ કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ ભરી સ્થિતિ છે ત્યારે એરપોર્ટ, રેલવે સ્ટેશન, દરિયા કાંઠાના વિસ્તારો અને તમામ જગ્યાએ સુરક્ષાના ભાગરૂપે ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો છે એક તરફ ભારત પાકિસ્તાનની હરકતોનો બદલો લઈ રહ્યું છે તો બીજી તરફ પાકિસ્તાન પણ ડ્રોન છોડીને હુમલોઓ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ આ તમામ સ્થિતિ વચ્ચે ભારતીય સેના ખૂબ જ એક્ટિવ મોડમાં છે અને પાકિસ્તાનની તમામ હરકતોને નિષ્ફળ બનાવી રહી છે.

# દ્વારકામાં સરહદી વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓ સાવધાન

(SSS) દ્વારકા

દ્વારકા ઓપરેશન સિંદુરની સફળતા બાદ સરહદી વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓ સાવધાન થઈ ગઈ છે. પાકિસ્તાનમાં હુમલા બાદ ગુજરાતના સરહદી વિસ્તારોમાં સુરક્ષા એજન્સી સર્તક થઈ ગઈ છે. દરિયામાં ગયેલા માછીમારોને પરત બંદરે આવી જવા સૂચના આપી દેવામાં આવી છે. ઓખામાં પોલીસ દ્વારા માછીમારોને સાવચેત કરાયા છે. દરિયા કિનારે શંકાસ્પદ હિલચાલ જણાય તો સુરક્ષા એજન્સીને જાણ કરવા અપીલ કરવામાં આવી છે. તમામ બોટનું સઘન ચેકીંગ કરવામાં આવે છે. મરીન પોલીસ, મરીન કમાન્ડો, એસઓજી સહિતની ટીમ દ્વારા કાંઠા પર સતર્કતા વધારવામાં આવી છે. નાઈટ પેટ્રોલિંગ કાંઠા વિસ્તારોમાં વધારવામાં આવી છે. રાત્રિ દરમ્યાન પોલીસ દ્વારા સચાણા બંદર પર માછીમારો સાવચેત રહેવા સુચના આપવામાં આવી છે. બ્લેકઆઉટની સૂચના મળે તો સહકાર આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. Dy.SP સાગર રાઠોડ દ્વારા કાંઠા વિસ્તારોમાં લોકોને સાવચેત કરાયા છે. સરહદી વિસ્તારમાં આવેલા ઓખાબંદરે પોલીસની લોકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. ડીવાયએસપી સાગર રાઠોડએ માછીમારો અને સ્થાનિકોને હાલની સ્થિતિમાં સાવચેત કર્યા છે. બ્લેકઆઉટની સૂચના મળે તો સહકાર આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# નકલી આધાર કાર્ડનો ઉપયોગ કરી મોટી સંખ્યામાં વિદેશીઓ દેશમાં પ્રવેશ્યા

(SSS) મુઝફ્ફરપુર

નકલી આધાર કાર્ડ પર મોટી સંખ્યામાં વિદેશી નાગરિકો દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા છે. એટલું જ નહીં, નકલી આધાર કાર્ડ બનાવવાનું એક મોટું રેકેટ કાર્યરત છે. આ રેકેટ સરહદ પારના ગુનાહિત તત્વો સાથે સંકળાયેલા બાદ પરિસ્થિતિ ગંભીર બની ગઈ છે. કેન્દ્રીય ગૃહ અને વિદેશ મંત્રાલયે આ સંદર્ભમાં ચેતવણી જારી કરી છે. આ પછી, રાજ્યના ગૃહ વિભાગે બિહારના તમામ ડીએમ, એસએસપી અને એસપીને આધાર કાર્ડનું ઓફલાઈન વેરિફિકેશન કરવાનો નિર્દેશ આપ્યો છે. આધાર વેરિફિકેશન અંગે SOP પણ જારી કરવામાં આવ્યું છે. ગૃહ અને વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એલર્ટમાં કહેવામાં આવ્યું છે કે નકલી આધાર કાર્ડ બનાવનાર નેટવર્ક ગુનાહિત તત્વો સાથે મળીને કામ કરી રહ્યું છે. નકલી આધાર પર વિદેશી સરહદો દ્વારા મોટી સંખ્યામાં લોકો ભારતમાં પણ પ્રવેશ્યા છે. તેઓ ગેરકાયદેસર રીતે યોજનાઓનો લાભ પણ લઈ રહ્યા છે. સરહદી વિસ્તાર અને આસપાસના જિલ્લાઓમાં ઘણા બદમાશો ગુનેગાર તત્વોમાં જોડાયા છે અને પોતાને ગુંડાઓ તરીકે સંગઠિત કરી રહ્યા છે. આને ધ્યાનમાં રાખીને, આ વચેટિયાઓ અને માસ્ટરમાઈન્ડ્સને ઓળખવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. SDPO, SP, SSP અને DIG સ્તરને ડેટા અને વિશ્વસનીય માહિતીના આધારે રણનીતિ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા પત્ર અનુસાર, ગેરકાયદેસર વિદેશી નાગરિકો નકલી આધાર કાર્ડની મદદથી દેશમાં પ્રવેશ કરી રહ્યા છે અને સરકારી યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. આ ઉપરાંત, અન્ય ભારતીયો આધારની મદદથી ઓળખ કાર્ડ મેળવી રહ્યા છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. નકલી ઓળખપત્રોના આધારે દેશમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ પણ થઈ શકે છે.

### ગુજરાતના ખેડૂતોની ચિંતા વધી!

# હજુ ચાર દિવસ ગાજવીજ સાથે માવઠાની આગાહી

## આજે અમરેલી, બોટાદ, ડાંગ, નર્મદા, ગાંધીનગર સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો

(SSS) અમદાવાદ

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડ્યો. ભરઉનાળે વાતાવરણ પલટાતાં પવન ફૂંકાવવાની સાથે માવઠું થતાં ખેડૂતોના પાકને નુકસાન પહોચ્યું હોવાનું સામે આવ્યું છે. તેવામાં હવામાન વિભાગે આગામી ૧૩ મે, ૨૦૨૫ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ અને પવન ફૂંકાવવાની આગાહી કરી છે, ત્યારે આજે શુક્રવારે (૯ મે) અમરેલી, બોટાદ, ડાંગ, નર્મદા, ગાંધીનગર સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. જેમાં ૮ મેના ૬ વાગ્યાથી ૯ મેના ૬ વાગ્યાના ૨૪ કલાક દરમિયાન કુલ ૬૩ તાલુકામાં માવઠું થયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ચાર દિવસ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. ત્યારે આવતીકાલે ૧૦ મેના રોજ રાજ્યભરના અમુક સ્થળોએ અને ૧૧ મેના રોજ રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં આગામી ૧૨ મેના રોજ ૨૫ જિલ્લામાં માવઠું થશે. જેમાં સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, બોટાદ, ભાવનગર, ગીર સોમનાથ સહિત સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ખેડા, પંચમહાલ, વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે ૧૩ મેના રોજ અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં કડાકા સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદ થવાન શક્યતા છે.

રાજ્યમાં આજે ૯ મેના રોજ સવારના ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા દરમિયાન ૩૨ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો. જેમાં ગાંધીનગરના દહેગામમાં ૨૩ મિ.મી., ભરૂચના વાગરામાં ૧૮ મિ.મી., મહેસાણાના ઊંઝા અને ડાંગના આહવામાં ૧૨-૧૨ મિ.મી., સુરતના મહુવામાં ૧૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ૮ મેના ૬ વાગ્યાથી ૯ મેના ૬ વાગ્યાના ૨૪ કલાક દરમિયાન કુલ ૬૩ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો.

### ફોર્સ બોર્ડર તરફ રવાના

# ભુજથી શરૂ થઈ ભારતીય સેનાની મોટી મુવમેન્ટ

## પાકિસ્તાની બોર્ડર પર હાલ હાઈ એલર્ટની સ્થિતિ છે, બનાસકાંઠા-કચ્છમાં સેનાની હલચલ વધી ગઈ છે

(SSS) કચ્છ,

પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના એરપોર્ટ પર કરેલા હુમલા બાદ ભારત જડબાતોડ જવાબ આપી રહ્યું છે. ભારત હાલ પાકિસ્તાનમાં ઘૂસીને હુમલો કરી રહ્યું છે. ભારત છેક લાહોર, સિયાલકોટ સુધી પહોંચી ગયું છે. પાકિસ્તાનની મિસાઈલોને તોડી પાડવામાં આવી હતી. અત્યાર સુધી ભારતીય બાજુ કોઈ જાનહાનિના સમાચાર નથી. તો બીજી તરફ, ગુજરાતના ભૂજથી ભારતીય સેનાની હિલચાલ તીવ્ર બની ગઈ છે અને ફોર્સને સરહદ તરફ મોકલવામાં આવી છે. પાકિસ્તાને ભારતના જમ્મુ અને જેસલમેર પર મિસાઈલ હુમલો કર્યો. ભારતે આ હુમલાઓનો જોરદાર જવાબ આપ્યો છે અને પાકિસ્તાનની મિસાઈલોને ભારતના હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવી છે. અત્યાર સુધી ભારતીય બાજુ કોઈ જાનહાનિના સમાચાર નથી. હવે ગુજરાતના ભૂજથી ભારતીય સેનાની હિલચાલ તીવ્ર બની ગઈ છે અને ફોર્સને સરહદ તરફ મોકલવામાં આવી છે. ગાંધીનગર કમાન્ડ કંટ્રોલ સેન્ટર એલર્ટ પર આવી ગયું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર સતત હુમલાની ખબરથી ધમધમી ઉઠ્યું છે. પાકિસ્તાનના હુમલાને પગલે સ્ટેટ ઈમર્જન્સી સેન્ટર પર રાહત કમિશનર આલોક પાંડે સહિતના અધિકારીઓ હાજર રહ્યાં. ગુજરાતના સરહદી વિસ્તારો ઉપર અને સ્થાનિક પ્રશાસન સાથે તાલમેલની કામગીરી થઈ રહી છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પર પહોંચ્યા. બનાસકાંઠાના બોર્ડરના વિસ્તારમાં તંત્ર અને પોલીસ પહોંચી ગઈ છે. નડાબેટ બોર્ડરના ગામોને એલર્ટ કરાયા છે. સૂઈગામના ગોલપપાડન, ગોલપ નેસડા, રડોસણ, મેઘપુરા, જલોયા, નડાબેટ, મસાલી, માધપુરા, દુદોસણ અને બોરું સહિત ગામોને એલર્ટ કરાયા છે. સુઈગામના ૧૧ અને વાવના ૧૩ ગામોને એલર્ટ મોડ પર મૂકાયા છે. તો વાવના ૧૩ અને સુઈગામના ૧૧ ગામોમાં બ્લેકઆઉટ જાહેર કરાયું છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બ્લેકઆઉટ અપાયું છે.

### પ્રતિબંધનો ઉદ્દેશ જનતાની સલામતી-શાંતિ જાળવવો છે

# ગુજરાતમાં લગ્ન સહિતના પ્રસંગોમાં ફટાકડા ફોડવા કે ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

## ગુજરાત સરકારે નાગરિકોને સહકાર આપવા તથા તમામ માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ પણ કરી છે

(SSS) ગાંધીનગર

ભારત પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. હર્ષ સંઘવીએ જણાવ્યુ છે કે, ૧૫મી મે સુધી ગુજરાતમાં કોઈપણ પ્રકારના કાર્યક્રમમાં ડ્રોન ઉડાવવા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં માહિતી શેર કરતા જણાવ્યુ છે કે, ગુજરાતમાં ૧૫મી મે સુધી કોઈપણ કાર્યક્રમમાં ડ્રોન ઉડાડવા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તો તમામ લોકોને વિનંતી છે કે, આ અંગે સહકાર આપજો અને માર્ગદર્શિકાનું પાલન કરજો. ગૃહ વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે કે, ૧૫મી તારીખ સુધી રાજ્યના કોઈપણ ભાગમાં જાહેર સ્થળો પર કોઈપણ પ્રકારના ડ્રોન ઉડાડવા કે ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં નહીં આવે. આવો નિર્ણય કોઈ ખાસ સમારોહ કે સામૂહિક કાર્યક્રમ હોય તો પણ લાગૂ રહેશે. આ પ્રતિબંધનો ઉદ્દેશ જનતાની સલામતી અને શાંતિ જાળવવો છે. સરકારે નાગરિકોને સહકાર આપવા તથા



તમામ માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ પણ કરી છે. ઉલ્લેખનીય છે કે, 'ઓપરેશન સિંદૂર' પછી દેશના ઉત્તર અને પશ્ચિમ ભાગમાં, ખાસ કરીને સરહદી વિસ્તારોમાં થયેલા તણાવના કારણે સુરક્ષા વ્યવસ્થામાં કડકાઈ લાવવાની જરૂર ઊભી થઈ છે. મળતી માહિતી પ્રમાણે, પાકિસ્તાન તરફથી છેલ્લા કેટલાક દિવસોમાં મિસાઈલ કે ડ્રોન હમલાના નિષ્ફળ પ્રયાસો થઈ ચૂક્યા છે. જેને લઈને દેશના સરહદી રાજ્યોમાં એલર્ટના પગલાં લેવાઈ રહ્યા છે. ગુજરાતમાં ખાસ કરીને કચ્છ, બનાસકાંઠા અને પાટણ જેવા જિલ્લામાં પાકિસ્તાનની સીધી સરહદ છે. આ વિસ્તારોએ પહેલાંથી જ એલર્ટ સ્થિતિમાં રહી સુરક્ષા દળોને મજબૂત બનાવવામાં આવ્યા છે. આવા સંજોગોમાં કોઈ પણ પ્રકારના સંદિગ્ધ ઉડનયંત્રો અથવા વિસ્ફોટજન્ય પ્રવૃત્તિઓ તંગદિલી વધારે તેવી સ્થિતિ ઊભી કરી શકે છે. તેથી રાજ્ય સરકારે આવા ભયના કારણો દૂર કરવા અને શાંતિપૂર્ણ પરિસ્થિતિ જાળવવા આ નિર્ણય કર્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સમગ્ર નિર્ણય રાજ્યની આંતરિક સલામતી અને સામાન્ય નાગરિકોના હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. સુરક્ષા એજન્સીઓએ પણ આ મુદ્દે ગંભીરતાપૂર્વક કામગીરી શરૂ કરી દીધી છે અને તમામ જિલ્લા કલેક્ટરો તથા પોલીસ વડાઓને પણ યોગ્ય કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે. સરકાર દ્વારા ટૂંક સમયમાં વધુ માર્ગદર્શિકા બહાર પાડવાની શક્યતા છે.